આજનો સુવિચાર

જવાબદારીઓ કયારેય વય જોઈને નથી આવતી, સફળતા હંમેશા સંઘર્ષનાં માર્ગથી પસાર થાય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૦૦ જૂનાગઢ તા.૦૯-૮-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 200, Junagadh : Date : 09 August, 2023, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# “તમે ભારત માતાના હત્યારા છો”: રાહુલ ગાંધીનાં અત્યંત આક્રમક વલણથી સંસદમાં હોબાળો

● મણિપુર મામલે સરકાર ઉપર રાહુલ ગાંધીનો જોરદાર હુમલો

● “ તેમણે મણિપુરમાં હિન્દુસ્તાનની હત્યા કરી છે - તેમના માટે મણિપુર ભારત નથી - હું મણિપુર ગયો છું પરંતુ વડાપ્રધાન હજુ સુધી નથી ગયા” - રાહુલ ગાંધી

નવી દિલ્હી તા. ૯

મોદી સરકાર વિરૂધ્ધનાં અવિશ્વાસ પ્રસ્તાવનાં આજે બીજા દિવસે ચર્ચાનો પ્રારંભ રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવ્યો હતો. લોકસભાની સદસ્યતા બહાલ થયા બાદ રાહુલ ગાંધીનાં સંબોધન પર આજે ભાજપ - કોંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષોની મીટ મંડાયેલી હતી. રાહુલ ગાંધીએ તેમના સંબોધનનાં પ્રારંભે કહયું કે, આજનું મારૂ ભાષણ અદાણી પર નથી જેથી ભાજપનાં મિત્રોએ ડરવાની જરૂર નથી, આજે હું ભાજપ ઉપર આક્રમણ નહી કરૂ તેમ જણાવતા રાહુલ ગાંધીએ પોતાની ભારત જોડો યાત્રાનાં પ્રથમ તબકકા વિષે જણાવતા કહ્યું કે, કોઈને કોઈ શકિત મારૂ રક્ષણ કરતી રહી અને પ્રેરણા આપતી રહી. ભારત જોડો યાત્રા દરમ્યાન મારા ઘણા મદદગાર રહયા. પોતાના સંબોધનમાં મણિપુર હિંસાનો ઉલ્લેખ કરતા રાહુલ ગાંધીએ કહયું કે, આજે મણિપુર બચ્યું નથી. તેમના (સરકાર)નાં માટે મણિપુર ભારત નથી. વડાપ્રધાન હજુ સુધી મણિપુર ગયા નથી કે મણિપુર અંગે કંઈ બોલ્યા નથી. મણિપુરનું તમે વિભાજન કરી નાખ્યું છે. મણિપુરમાં રાહત છાવણીની પોતાની મુલાકાત અંગે રાહુલ ગાંધીએ જણાવ્યું કે, એક મહિલાએ તેમને કહયું કે, તેના એકજ પુત્ર હતો જેને ગોળી મારવામાં આવી હતી. જેની લાશ સાથે હું આખી રાત રહી હતી. મારી કોઈએ મદદ કરી નહી, રાહુલ ગાંધીએ મણિપુરની સ્થિતિ વિષે આક્રોશની લાગણી વ્યકત કરી હતી. રાહુલ ગાંધીએ આક્રોશ વ્યકત કરતા કહયું કે, તેમણે (સરકારે) મણિપુરમાં હિન્દુસ્તાનની હત્યા કરી છે. તેમણે વધુમાં કહયું કે, હું જુઠ્ઠુ નથી બોલતો પરંતુ તમે જુઠ્ઠુ બોલો છો. રાહુલ ગાંધીનાં આ નિવેદન સંસદમાં ભારે હોબાળો મચી ગયો હતો અને ભાજપ તરફથી કીરણ રીજીજુએ રાહુલ ગાંધીની માફીની માંગણી કરી હતી. રાહુલ ગાંધીએ આક્રમક વલણમાં કહયું કે તમે ભારત માતાના હત્યારા છો, તમે મણિપુરમાં મારી માતાની (ભારત માતા)ની હત્યા કરી છે અને જયાં સુધી હિંસા બંધ નહી થાય ત્યાં સુધી માતાની હત્યા ચાલુ છે. તેમણે વડાપ્રધાન મોદી પર વ્યકિગત હુમલો કરતા કહયું કે, રાવણ માત્ર બે માણસોનું સાંભળતો હતો, એક મેઘદૂત અને બીજો કુંભકર્ણ તે રીતે વડાપ્રધાન દેશની અવાજ નથી સાંભળતા તેઓ માત્ર બે વ્યકિતનું જ સાંભળે છે એક અમિત શાહ અને બીજા અદાણી, રાહુલ ગાંધીએ વધુમાં એવો આક્ષેપ કર્યો કે, તમે (વડાપ્રધાન) સમગ્ર દેશમાં કેરોસીન ફેંકી રહ્યા છો, રાહુલ ગાંધીનાં આ સંબોધન બાદ ભારે હોબાળો મચી ગયો હતો જેનો કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીદ્વારાજવાબ આપવામાં આવી રહયો છે.




## ઈન્ડોનેશીયામાં મિસ યુનિવર્સ સ્પર્ધામાં ભાગ લેનાર ૬ યુવતિઓએ આયોજકો વિરૂધ્ધ યૌન ઉત્પીડનની ફરીયાદ નોંધાવી

જાકાર્તા તા. ૯ :

ચાલુ વર્ષે થયેલી મિસ યૂનિવર્સ ઈન્ડોનેશિયા કોમ્પીટીશનને લઈને એક ચોંકાવનારા સમાચાર આવી રહ્યા છે. તેમાં ભાગ લેનારી ૬ યુવતીઓએ ઓર્ગનાઈઝર્સ પર ગંભીર આરોપ લગાવ્યો છે. આયોજકો વિરૂદ્ધ યૌન ઉત્પીડનની ફરિયાદ કરતા કેસ દાખલ કર્યો છે.

૨૯ જુલાઈથી ૩ ઓગસ્ટની વચ્ચે ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તામાં મિસ યૂનિવર્સ ઈન્ડોનેશિયા કોમ્પીટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. બ્યૂટી પેજેંટમાં ભાગ લેનારી ૬ યુવતીઓએ આરોપ લગાવ્યો છે કે, કોમ્પીટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. બાદમાં ત્યાં ૨૦લોકોની સામે ટોપલેસ થવાનું કહેવામાં આવ્યું હતું. ત્યાં તેમના ફોટોકલિક કરવામાં આવ્યા અને વીડિયો પણ શૂટ કર્યા હતા.

તમામ ૬ યુવતિઓએ પોલીસ અને ફેડરલ ઈન્વેસ્ટીગેશન એજન્સી પાસે જઈને આ કેસમાં ફરિયાદ નોંધાવી છે. રિપોર્ટ્સમાં જણાવ્યા અનુસાર, પોલીસને આ મામલા સાથે જોડાયેલ મહત્વના પુરાવા મળ્યા છે. જેને લઈને ઝડપથી આ કેસમાં તપાસ ચાલી રહી છે.

## છેલ્લા ૪ મહિનામાં ઘઉંનાં ભાવમાં ૧૮ ટકાનો વધારો

નવી દિલ્હી,તા. ૯ : ઘઉંના ભાવમાં વધારો અટકવાનું નામ નથી લઈ રહ્યો. દેશમાંઘઉંના ભાવ ૭ મહિનાના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયા છે. આગામી તહેવારોની મોસમ અને માંગમાં વધારાને કારણે ઘઉંના ભાવમાં વધારો થયો છે. ઘઉંના ભાવમાં આ તીવ્ર ઉછાળા પછી, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે સરકાર ઘઉંની આયાત પરની ડ્યુટી નાબૂદ કરી શકે છે, જેના કારણે ઘણા રાજયોમાં વિધાનસભાની ચૂંટણીઓ અને ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી પહેલા ઘઉંના ભાવ નિયંત્રણમાં આવશે. જો ઘઉંના ભાવમાં સતત વધારો થતો રહેશે તો તેના કારણે ઘઉંમાંથી લોટ લઈને બનેલી બીજી ઘણી વસ્તુઓ મોંઘી થઈ શકે છે.

## ભૂસ્ખલનને કારણે અમરનાથ યાત્રા સ્થગીત

જમ્મુ તા. ૯

જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે ઉપર ભૂસ્ખલનને કારણે આજે અમરનાથ યાત્રા સ્થગિત કરવામાં આવી છે. રામબન જિલ્લામાં બુધવારે અમરનાથ યાત્રા સ્થગિત કરવામાં આવી હતી. દરમિયાન, પંથા ચોક યાત્રા બેઝ કેમ્પથી જમ્મુ સુધીની યાત્રા પણ સ્થગિત કરવામાં આવશે અને ટ્રાફિક અવરજવર માટે રોડ નેશનલ હાઈવે ક્લિયર થયા બાદ તેને ફરી શરૂ કરવામાં આવશે. ૧ જુલાઈથી શરૂ થયેલી ૬૨ દિવસની અમરનાથ યાત્રા ૩૧ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ સમાપ્ત થશે.

# પાટીલ વિરૂધ્ધનાં પત્રિકા કાંડમાં સૌરાષ્ટ્ર - દક્ષિણ ગુજરાતનાં પાંચ ભૂતપુર્વ મંત્રીઓ શંકાનાં ઘેરામા

નવી દિલ્હી, તા.૯: ગુજરાત ભાજપમાં વિતેલા સપ્તાહમાં બનેલી ઘટનાઓ અંગે કાર્યકરો, રાજનેતાઓ અને આમ જનતામાં અનેક પ્રકારના તર્કવિતર્ક ચાલી રહ્યા છે, પક્ષ પ્રમુખ સી.આર. પાટીલ વિરૂધ્ધ ફરતી થયેલી પત્રિકા, પેનડ્રાઈવ અને પત્ર ફરતા કરનારાઓને ઝડપી લીધા પછી સમગ્ર ષડયંત્ર પાછળ દોરીસંચાર કરનારાના પોલીસ તપાસમાં બહાર આવેલા નામોથી ગાંધીનગર, કોબાથી લઈને છેક દિલ્હી સુધી આંચકો અનુભવાયો છે. સુરત સહિત દક્ષિણ ગુજરાતના ત્રણ અને સૌરાષ્ટ્રના બે મળી કુલ પાંચ પૂર્વ મંત્રીઓની સીધી કે આડકતરી ભૂમિકાની વિગતો બહાર આવી છે. જોકે, હાલ આ મામલે રાષ્ટ્રીય નેતૃત્વના જ આદેશ પછી આગળની રાજકીય કાર્યવાહી હાથ ધરાશે તે સ્પષ્ટ છે.

ગત મહિને એક વીડિયો સોશિયલ મીડિયામાં ફરતો થયો હતો અને તેમાં દેખાતા વ્યક્તિએ ભાજપ પ્રમુખ પાટીલ સામે કેટલાક આર્થિક વ્યવહારોના આરોપ મૂકયા હતા. આ મામલે પોલીસે ફરિયાદના આધારે તપાસ કરી વીડિયોમાં દેખાનાર વ્યક્તિ અને અની પાછળ દોરીસંચાર કરનારાઓની એક પછી એક ધરપકડ કરવાની શરૂઆત કરી હતી. આ તપાસ ચાલી રહી હતી, એવામાં આગળનો ઘટનાક્રમ આકાર પામે છે. એમાં ભાજપના તમામ પદાધિકારીઓ, ધારાસભ્યો અને સાંસદોના સરનામા પર એક વાદળી કલરના કવરમાં પત્ર, પેનડ્રાઈવ પહોંચે છે, જેમાં વધુ ચોંકાવનારા, આરોપો પાટીલ અને અન્ય કેટલાક લોકો સામે કરવામાં આવ્યા હતા. આથી તત્કાળ સુરતના ધારાસભ્ય સંદીપ દેસાઈએ વધુ એક ફરિયાદ નોંધાવી હતી. આમ, બે ફરિયાદોને ગંભીરતાથી લઈ સુરત પોલીસે સમગ્ર પગેરું દબાવ્યું હતું, તેમાં પૂર્વમંત્રી અને પાટીલના મતવિસ્તાર માંગરોળના એક ધારાસભ્ય ગણપત વસાવાના પીએ રાકેશ સોલંકી, ખુમાનસિંહ પટેલ, અને દીપુ યાદવને ઝડપી લીધા હતા. આ જ રીતે વીડિયોમાં દેખાય છે અને અન્ય વીડિયો પણ કયાં તૈયાર કરાયા હતા એની તમામ વિગતો વ્યકતિઓને ઝડપી લેવામાં આવ્યા છે. આ તમામે કયાંથી પત્ર ટાઈપ કર્યો, કેટલી કોપી કઢાવી, કયાંથી પેનડ્રાઈવ ખરીદી અને કોને આ કવરો પોસ્ટ કરવાની કામગીરી સોંપી હતી એની કબૂલાત કરી છે. તેની સાથોસાથ આમ કરવા પાછળ કોણે પ્રેરિત અને સૂચના આપી હતી એની જાણકારી પોલીસને આપી હતી.

## GMERS મેડીકલ કોલેજોમાં ઝીંકાયેલો તોતીંગ ફી વધારો પાછો ખેંચાયો

અમદાવાદ તા. ૯

ગુજરાત સરકાર દ્વારા તબીબી સ્નાતક અભ્યાસક્રમ વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૩ GMERS કોલેજોમાં સરકારી તેમજ મેનેજમેન્ટ ક્વોટામાં અસહ્ય ફી વધારો કર્યો હતો. જે મામલે ધારાસભ્યો તેમજ વાલીઓ દ્વારા સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી. જે મામલે સરકાર વિચારણા કર્યા બાદ GMERS કોલેજોમાં ફી વધારાનો નિર્ણય પરત ખેંચાયો છે. ત્યારે હવે સરકારી ક્વોટાની ફી ૫.૫૦ લાખથી ફરી રૂા.૩.૩૦ લાખ કરાઈ છે. જ્યારે મેનેજમેન્ટ ક્વોટાની ફી ૧૭લાખથી ફરી રૂા.૯.૭ લાખ કરવામાં આવીછે. ત્યારે ફી વધારો પરત ખેંચાતા વાલીઓને સૌથી મોટી રાહત થવા પામી છે.




## જૂનાગઢમાં વેચવાનું છે

(૧) ડો. જસાણીનું ચાર માળનું દવાખાનું, પોસ્ટ ઓફીસ રોડ
(૨) ગાંધીગ્રામ પોસ્ટ ઓફીસ પાસે ૫૦૦વારની જગ્યા, ૮ રૂમવાળી બેંકને લાયક વેચવાની છે.
(૩) ગાંધીગ્રામ કોન્વેન્ટ સ્કુલ સામે ૫૦૦ વારમાં ૧૦ દુકાનો, આઠ રૂમ વાળો બંગલો
(૪) દુકાન, મકાન, ફલેટ, જમીન લેવા-વેચવા માટે મળો.
(૫) ૩૨૦૦૦ ચાલેલી એસેન્ટ ગાડી
(૬) ગાંધીગ્રામમાં કોન્વેન્ટ સ્કુલ સામે આમ્રપાલી એપાર્ટમેન્ટમાં બીજા માળે ફલેટ વેચવાનો છે.
(૭) લોખંડનાં ઘોડા નંગ-૧૬ વ્યાજબી ભાવમાં વેચવાના છે.

સંપર્ક : મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯






# હોન્ડા કાર્સ ઈન્ડિયા અને બજાજ ફાઈનાન્સે આ તહેવારોની સિઝનમાં આકર્ષક ફાઈનાન્સિંગ સોલ્યુશન્સ ઓફર કરવા સહયોગ કર્યો

નવીદિલ્હી તા.૯

ભારતમાં પ્રીમિયમ કારની અગ્રણી ઉત્પાદક હોન્ડા કાર્સ ઈન્ડિયા લિમિટેડ (એચસીઆઈએલ) દેશની અગ્રણી અને વૈવિધ્યસભર ફાઈનાન્શિયલ સર્વિસીઝ ગ્રુપ્સમાંની એક એવી બજાજ ફિનસર્વ લિમિટેડની ધિરાણ આપતી શાખા બજાજ ફાઈનાન્સ લિમિટેડ સાથે ભાગીદારી કરીને તેના ગ્રાહકો માટે આકર્ષક અને કિફાયતી ફાઈનાન્સ સોલ્યુશન્સ ઓફર કરે છે. આ ભાગીદારીથી હોન્ડાના ગ્રાહકોને હોન્ડા અમેઝ, હોન્ડા સિટી અને ટૂંક સમયમાં લોન્ચ થનારી નવી એસયુવી હોન્ડા એલિવેટની ખરીદી ઉપર ઓછા વ્યાજ દર સાથે આકર્ષક કાર ફાઈનાન્સ સ્કીમનો લાભ મેળવવામાં મદદ મળશે અને લોનની ઝંઝટ-મુક્ત ઝડપી મંજૂરી મેળવી શકશે. આ ભાગીદારી હેઠળ, બજાજ ફાઈનાન્સ લિમિટેડ હોન્ડાના ગ્રાહકોને ફ્લેક્સી પે સ્કીમની રજૂઆત સાથે કસ્ટમાઈઝ્ડ રિટેલ ફાઈનાન્સ સ્કીમ પ્રદાન કરશે જે ડિજિટલ-પ્રથમ અનુભવ છે, જેમાં ૧૦૦ ટકા સુધીના ઓન-રોડ ફંડિંગનો સમાવેશ થાય છે (દા.ત. નીચો વ્યાજ દર (આરઓઆઈ) શરૂ થાય છે ૮.૭૫ ટકાથી, ૩૦ મિનિટ જેટલા ઓછા ટર્નઅરાઉન્ડ સમય સાથે ઝંઝટમુક્ત મંજૂરી, વગેરે). વધુ સગવડતા સુનિશ્ચિત કરવા માટે, લોન વિતરણ પ્રક્રિયા માટે ડિજિટલ ગ્રાહક યાત્રા દ્વારા સમગ્ર ધિરાણ પ્રક્રિયાને સક્ષમ કરવામાં આવશે. આ પ્રસંગે બોલતા હોન્ડા કાર્સ ઈન્ડિયાના વાઈસ પ્રેસિડેન્ટ-માર્કેટિંગ એન્ડ સેલ્સ કુણાલ બહેલે જણાવ્યું હતું કે, “હોન્ડા કાર્સ ઈન્ડિયામાં, અમે અમારા ગ્રાહકોને શ્રેષ્ઠ સેવાઓ આપવા માટે સમર્પિત છીએ અને અમે બજાજ ફાઈનાન્સ સાથેની આ ભાગીદારીથી ઉત્સાહિત છીએ. આ જોડાણથી અમે અમારા ગ્રાહકોને વધુ ધિરાણ વિકલ્પો પ્રદાન કરી શકીશું અને તેમના માલિકી અનુભવને વધારી શકીશું. બજાજ ફાઈનાન્સ દ્વારા ઓફર કરવામાં આવતી વિવિધ યોજનાઓ અને વિકલ્પો વિવિધ સ્તરના મૂલ્યવાન ગ્રાહકોને સસ્તા અને સુલભ પર્સનલ મોબિલિટી સોલ્યુશન્સ તરફ દોરી જશે.” બજાજ ઓટો ફાઈનાન્સના ચીફ બિઝનેસ ઓફિસર સિદ્ધાર્થ ભટ્ટે ઉમેર્યું હતું કે, “અમારો ડિજિટલ-ફર્સ્ટ અભિગમ અને પરવડે તેવા સોલ્યુશન્સ (ફ્લેકસી લોન) અમને અમારા ગ્રાહકો માટે કારની ખરીદી અતિ સરળ અને સસ્તી બનાવવા સક્ષમ બનાવે છે. અમારી સીધી તથા સ્પષ્ટ પ્રક્રિયાનો હેતુ સગવડતા અને લોન વિતરણની ઝડપ વધારવાનો છે. ગ્રાહકોને સુગમતાથી હોન્ડા વાહનની માલિકી મળી રહે તે માટે ઝંઝટમુક્ત તથા ફ્લેક્સિબલ ફાઈનાન્સિંગ સોલ્યુશન્સ પૂરા પાડવાના હેતુથી હોન્ડા કાર્સ ઈન્ડિયા સાથે હાથ મિલાવતા અમને આનંદ થાય છે.” હોન્ડા કાર્સ ઈન્ડિયા અને બજાજ ફાઈનાન્સને વિશ્વાસ છે કે આ સહયોગ બજારમાં તેમની સ્થિતિને મજબૂત બનાવશે અને ગ્રાહકોને ઉત્કૃષ્ટ ઓટો ફાઈનાન્સિંગ સોલ્યુશન્સ પ્રદાન કરવાના તેમના સહિયારા મિશનની પુનઃપુષ્ટિ કરશે. બજાજ ફાઈનાન્સ એ એક ટેકનોલોજી આધારિત એનબીએફસી છે, જે ફાઈનાન્શિયલ સોલ્યુશન્સનો વ્યાપક સંપુટ ઓફર કરે છે અને ગ્રાહક અનુભવને ડિજિટલ રીતે વધારવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. એચસીઆઈએલ તેના ગ્રાહકો માટે કારની ખરીદીને વધુ આકર્ષક અને લાભદાયી બનાવવા માટે પહેલ કરી રહી છે. એચસીઆઈએલે તેના ગ્રાહકો માટે કાર ખરીદવાનો અનુભવ વધારવા માટે જાહેર ક્ષેત્રની બેંકો, રિટેલ ફાઈનાન્સર્સ અને એનબીએફસી જેવા બહુવિધ ફાઈનાન્સર્સ સાથે ભાગીદારી કરી છે, જે ગ્રાહકોને તેમની વિવિધ જરૂરિયાતોને અનુરૂપ નાણાંકીય ઉકેલોની વિશાળ શ્રેણી ઓફર કરે છે.

# ખંભાળિયા પંથકમાંથી વધુ ૩૧૭૦ બોટલ નશાકારક સીરપનો જથ્થો ઝડપાયો

### ત્રણ સ્થળોએ દરોડા દરમ્યાન કુલ ૩૬ લાખની કિંમતની ૨૨ હજારથી વધુ બોટલ જપ્ત



(કુંજન રાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૯

ખંભાળિયા પંથકમાં છૂપી રીતે વ્યાપક પ્રમાણમાં વેચાતા આલ્કોહોલ મિશ્રિત આયુર્વેદિક સીરપના કાળા કારોબારને પોલીસે ધ્વસ્ત કરી, છેલ્લા કેટલાક દિવસોથી અવિરત રીતે ઝુંબેશ ચલાવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ ખંભાળિયા સહિત જિલ્લામાં હેલ્થ ટોનિકની આડમાં વેચાતા અનધિકૃત મનાતા આલ્કોહોલ મિશ્રિત આયુર્વેદિક સીરપ સામે ખંભાળિયા પોલીસ, એલ.સી.બી. પોલીસ તથા એસ.ઓ.જી. પોલીસે સઘન કામગીરી કરી છે. આ કામગીરી દરમ્યાન ગઈકાલે સાંજે ખંભાળિયામાં ધરમપુર વિસ્તારમાં ચોખંડા-બજાણા રોડ ઉપર રહેતા અને કોચિંગ ચલાવતા સામત ખીમા જામ નામના શખ્સ દ્વારા આલ્કોહોલ મિશ્રિત સેલ્ફ જનરેટેડ આયુર્વેદિક સીરપનો જથ્થો છુપાવવામાં આવ્યો હોવાની ચોક્કસ બાતમી એસ.ઓ.જી. વિભાગના એ.એસ.આઈ. રાજભા જાડેજા તથા અહીંના સર્વેલન્સ સ્ટાફના કોન્સ્ટેબલ કાનાભાઈ લુણાને મળતા આ સ્થળે દરોડો પાડી, ઉપરોક્ત શખ્સ દ્વારા પોતાના કબજા ભોગવટાની દુકાનમાં છુપાવીને રાખવામાં આવેલી જુદી-જુદી બે કંપનીની કુલ ૩,૦૮૦ બોટલ સિરપની સાંપળી હતી. આથી પોલીસે કુલ રૂપિયા ૪,૬૨,૦૦૦ ની કિંમતની ૩૦૮૦ આયુર્વેદિક સીરપનો જથ્થો સીઆરપીસી કલમ ૧૦૨ હેઠળ કબજે લઈ, આરોપી સામાત ખીમા જામની પૂછતાછ હાથ ધરી છે. આ સાથે ખંભાળિયા પોલીસના પેટ્રોલિંગ દરમ્યાન એસ.ઓ.જી. વિભાગના કિશોરસિંહ જાડેજા તથા સર્વેલન્સ સ્ટાફના હેડ કોન્સ્ટેબલ ખીમાભાઈ કરમુરને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયામાં મિલન ચાર રસ્તા વિસ્તારમાં રહેતા પ્રકાશ કિશોરભાઈ આચાર્ય નામના શખ્સ દ્વારા પોતાના રહેણાંક મકાનમાં રાખવામાં આવેલી જુદી જુદી બ્રાન્ડની રૂપિયા ૧૩,૪૫૦ની કિંમતની આયુર્વેદિક સીરપની ૯૦ બોટલ કબજે કરી, સીઆરપીસી કલમ ૧૦૨ હેઠળ આગળની તપાસ હાથ ધરી છે. આમ, ગઈકાલે ખંભાળિયાના ઈન્ચાર્જ એન.એચ. જોશી તથા સ્ટાફ દ્વારા એસ.ઓ.જી. પોલીસને સાથે રાખીને જુદા જુદા બે વિસ્તારોમાંથી કુલ રૂપિયા ૪,૭૫,૪૫૦ ની કિંમતની ૩૧૭૦ બોટલ આલ્કોહોલ મિશ્રિત સીરપનો જથ્થો કબજે લઈ, ધોરણસર કાર્યવાહી કરી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના જુદા જુદા વિસ્તારોમાંથી અહીંની પોલીસ દ્વારા આજ સુધી નશાકારક આલ્કોહોલ મિશ્રિત આયુર્વેદિક હેલ્થ ટોનિકની જુદી જુદી બ્રાન્ડની રૂા.૩૫,૯૧,૮૭૧ ની કિંમતની કુલ ૨૨,૦૭૧ બોટલનો તોતિંગ જથ્થો કબજે કર્યો છે.

### પવિત્ર પુરૂષોતમ માસના પાવન અવસરે

# દ્વારકાધીશના જગતમંદિરમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો

### નંદઘેર આનંદભયો જય કનૈયા લાલ કીના નાદ સાથે જગતમંદિર પરીસર ગુંજી ઉઠયું



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૯

ધર્મનગરી દ્વારકા ખાતે પુરૂષોતમ માસના પાવન અવસરે શ્રી દ્વારકાધીશજીના જગતમંદિરમાં વર્ષ દરમ્યાનના વિવિધ ઉત્સવો અધિક માસ દરમ્યાન ઉજવાય છે. તે અંતર્ગત આજે ભગવાન શ્રી દ્વારકાધીશના જગતમંદિરમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ ભકિતભાવપૂર્વક હજારો ભાવિકોની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવાઈ ગયેલ હતો. આ પ્રસંગે સવારે શ્રીજીને ખુલ્લા પડદે સ્નાન કરાવવામાં આવેલ હતું. બાદમાં વિશેષ શ્રૃંગાર દર્શન તેમજ રાત્રીના ૧૨ના ટકોરે શ્રીકૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી ઉત્સવ આરતી સાથે કરવામાં આવી હતી. નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કીના ગગનભેદી નાદ સાથે સમગ્ર જગતમંદિરનું પરીસર ગુંજી ઉઠયું હતું. આ કૃષ્ણ જન્મોત્સવમાં બહોળી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ ઓનલાઈનના માધ્યમથી પણ લાખો કૃષ્ણ ભકતોએ અધિક શ્રાવણ માસના જન્માષ્ટમી મહોત્સવને નિહાળ્યો હતો. આજે વહેલી સવારના રોજ પારણા નેમ ઉત્સવ આરતી સવારે ૭ કલાકે તેમજ અનોસર બપોરે ૧ થી ૫ તથા સાંજનો ક્રમ નિત્યક્રમ મુજબ રહેશે તેવું દ્વારકાધીશ દેવસ્થાન સમિતિની યાદીમાં જણાવેલ છે.

## ઉના : છેલ્લા છ માસથી નાસતા ફરતા આરોપીને ઝડપી લેતી પોલીસ



ઉના તા.૯

ઉના પંથકમાં છેલ્લા છ માસથી નાસતા-ફરતા આરોપીને ઉના સર્વલન્સ સ્કવોડના પીએસઆઈ સી.બી. જાડેજા તથા સ્ટાફે બસ સ્ટેન્ડ નજીકથી ઝડપી લીધેલ છે. ઉના પોલીસ સ્ટેશનના એક ગુનામાં સંડોવાયેલો રોહિત જોરૂભાઈ ગોહિલ રહે.ગાંગડા વાળાને પોલીસે ઝડપી લઈ તેના વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

## રાયજીનગર એસોસિએશન દ્વારા યોજાનારી શ્રીમદ ભાગવત સપ્તાહનો કાર્યક્રમ મોકુફ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

રાયજીનગર એસોસિએશન દ્વારા તા.૧૦-૮-૨૦૨૩ થી તા.૧૬-૮-૨૦૨૩ દરમ્યાન શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું સોસાયટી દ્વારા આયોજન કરવામાં આવેલ હતું. પરંતુ તા.૨૨-૭-૨૦૨૩ના રોજ અતિ ભારે પુર-હોનારતને કારણે રાયજીનગર સોસાયટીમાં થયેલ નુકશાનનો લીધે આ શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞનો કાર્યક્રમ હાલ મોકુફ રાખવામાં આવેલ છે અને જેની ભાવિકોએ નોંધ લેવા એક યાદીમાં જણાવેલ છે.

### શિવરાજપુર બીચ ખાતે ન્હાવા અને સ્વિમિંગ કરવા પર પ્રતિબંધ

જામખંભાળિયા, તા.૯

દેવભૂમિ દ્વારકા જિલ્લાના શિવરાજપુર બીચ પર તા. ૩૧ ઓગસ્ટ સુધી લોકોને ન્હાવા અને સ્વિમિંગ કરવા પર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ પ્રતિબંધ લગાવતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યુ છે.

## જૂનાગઢમાં જુગાર દરોડો : પાંચ ઝડપાયા


(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢ બી ડીવીઝન પોલીસે ગઈકાલે ચોક્કસ બાતમીના આધારે તળાવ દરવાજા વરૂણ પમ્પીંગ સટેશન નજીકથી જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને રૂા.૩૩,૧૧૦ના મુદામાલ સાથે ઝડપી લઈ તેમનામ વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

## :: અવસાન નોંધ ::

જૂનાગઢ : શાસ્ત્રીજી દિવ્યેશભાઈ ચંદ્રકાંતભાઈ જોષી (ઔદીચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ) તે સ્વ. ચંદ્રકાંતભાઈ જોષીના પુત્ર, વિરલભાઈ જોષીના નાનાભાઈ, નિમેષભાઈ જોષીના મોટાભાઈ, મેઘાબેનના પતિ, કૃણાબેન, જુહીબેનના પિતાનું તા. ૮-૮-૨૩ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનુ બેસણું તા. ૧૦-૮-૨૩ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ તેમના નિવાસ સ્થાને એમ.જી. રોડ, જયંત સોડાની પાસે, મજમુદારનો ડેલો, રૂદ્રરાજ એપાર્ટમેન્ટ, જૂનાગઢ ખાતે રાખેલ છે.



### ૧૦મી ઓગસ્ટ એટલે વિશ્વ સિંહ દિવસ

# સૌરાષ્ટ્રના ૯ જીલ્લાના ૩૦,૦૦૦ ચો. કિ.મી. વિસ્તારમાં રહે છે એશિયાઈટીક સિંહો



## જુન ૨૦૨૦ની ગણતરી પ્રમાણે સિંહોની સંખ્યા વધીને ૬૭૪ થઈ





જૂનાગઢ, તા.૯

એશિયાઇ સિંહ ભારત દેશના ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં કુદરતી રીતે વિહરતા જોવા મળે છે. ગુજરાત સરકારના માર્ગદર્શન હેઠળ વન વિભાગ, ગુજરાત રાજયની અથાગ મહેનત અને સ્થાનિક લોકોના સહિયારા પ્રયાસોથી એશિયાઇ સિંહની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળેલ છે. જુન ૨૦૨૦ની ગણતરી પ્રમાણે સિંહોની સંખ્યા વધીને ૬૭૪ થયેલ છે. વસ્તીમાં વધારો થતા તેમના રહેણાંક વિસ્તારમાં પણ વધારો થયેલ છે. સિંહો સૌરાષ્ટ્રના નવ જિલ્લાઓના ૩૦,૦૦૦ ચો. કી.મી. માં વિહરતા જોવા મળે છે જેને એશિયાટીક લાયન લેન્ડસ્કેપ તરીખે ઓળખવામાં આવે છે.

દર વર્ષે ૧૦મી ઓગસ્ટના રોજ વિશ્વ સિંહ દિવસની ઉજવણી સમગ્ર વિશ્વમાં સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે લોકોમાં જાગૃતિ આવે અને સિંહ સંરક્ષણમાં લોકોની ભાગીદારી વધે તે હેતુંથી કરવામાં આવે છે. ૨૦૧૩ માં આફ્રિકન લાયન એન્વાયર્નમેન્ટ રિસર્ચ ટ્રસ્ટ (**ALERT** ના સ્થાપકો દ્વારા વિશ્વ સિંહ દિવસની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી. ભારતમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણીની શરૂઆત ગુજરાત વન વિભાગ દ્વારા ૨૦૧૬ થી કરવામાં આવેલ.

આ દિવસની ઉજવણીમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, આગેવાનો, એન.જી.ઓના સભ્યો, સ્થાનિક લોકો, ગુજરાત સરકારના જુદા જુદા વિભાગોના કર્મચારીઓ અને અધિકારીઓ ભાગ લે છે. ૨૦૧૬થી ૨૦૧૯ સુધી આ ઉજવણી ફીઝીકલ રીતે કરવામાં આવતી હતી. પરંતુ ૨૦૨૦અને ૨૦૨૧ માંકોવીડ-૧૯ મહામારીના લીધે ફીઝીકલ રીતે આ ઉજવણી કરવી શક્ય ન હોય તેથી જુદા જુદા ડીજીટલ મીડીયાના માધ્યમથી વર્ચ્યુઅલ રીતે ઉજવણી કરવામાં આવેલ હતી.

આ વર્ષે વિશ્વ સિંહ દિવસની ઉજવણી ફીઝીકલ અને વર્ચ્યુઅલ એમ બન્ને રીતે કરવામાં આવશે. આ વર્ષે ફીઝીકલ ઉજવણીમાં સૌરાષ્ટ્રના ૧૦ જિલ્લા જુનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, બોટાદ, પોરબંદર, રાજકોટ, સુરેન્દ્રનગર, દેવ-ભુમી દ્વારકા અને મોરબીની ૮૫૦૦ થી વધુ શાળા અને કોલેજો ભાગ લેશે. આ ઉજવણી માટે દરેક શાળા કોલેજોમાં કીટ તૈયાર કરી પહોચતી કરવામાં આવેલ છે. આ ઉજવણી માટે આશરે ૧૮.૫૦ લાખ સિંહના મ્હોરા, ૪૮૩ની સાઇઝના ૧૦,૦૦૦ બેનર, ૧૦૮૮ની સાઇઝના ૨૦૦ બેનર, ૧૦,૦૦૦ વન્યજીવને લગત ડોક્યુમેન્ટરીની સી.ડી., ૪,૦૦,૦૦૦ પેમ્ફલેટ, ૨૦૦ સેલ્ફી માટેની સ્ટેન્ડીઓ, ૧,૦૦,૦૦૦ ગોળ સ્ટીકર અને ૨૦,૦૦૦ એ૪ સાઇઝના સ્ટીકરો બનાવી વિતરણ કરવામાં આવેલ છે.

આ ઉજવણીમાં એશિયાઇ સિંહના સંરક્ષણના હેતું સાથે જનપ્રતિનિધિઓ, શિક્ષણ વિભાગના કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, એન.જી.ઓ, નાગરિકો અને સરકારી અધિકારીઓ સહિત વિવિધ લોકો શાળામાં એકત્રીત થશે તેમજ રેલીઓ, ભાષણો અને પ્રતિજ્ઞા લેવા જેવી પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લેશે. ગુજરાતના માનનીય મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં રાજય કક્ષાની ઉજવણીનું આયોજન કરવામાં આવશે.

વર્ચ્યુઅલ ઉજવણીમાં વ્યક્તિઓ એશિયાઇ સિંહો વિશે જાગૃતિ ફેલાવવા માટે ડિજિટલ મીડિયા પ્લેટફોર્મના માધ્યમથી જોડાઇ શકશે. આ ઉજવણી માટે બેનરો, પંચલાઈન, ટેક્સ્ટ સંદેશાઓ, શુભેચ્છાઓ, ઈ-મેઈલ, ગ્રાફિક્સ, રીલ્સ અને ટૂંકા વિડિયો સહિતની ડિજિટલ અસ્કયામતોની શ્રેણી, વ્યાપક સહભાગિતાને પ્રોત્સાહિત કરવા માટે ખૂબ જ ઝીણવટપૂર્વક તૈયાર કરી પ્રસારિત કરવામાં આવી છે. વધુમાં, વિવિધ ડિજિટલ પ્લેટફોર્મ ઉપર હેઝટેગ "**#WorldLionDay**૨૦૨૩" નો ઉપયોગ કરીને વ્યક્તિઓ તેમની પોતાની બનાવેલી પોસ્ટ મુકી શકશે. સોશિયલ મીડિયાના ક્ષેત્રમાં પ્રભાવશાળી વ્યક્તિઓ આ સંદેશાને વધું લોકો સુધી પહોચતું કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. આ પ્રયાસના ભાગરૂપે ઓલ ઈન્ડિયા રેડિયો રાજકોટ ઉપર વિશ્વ સિંહ દિવસ નિમિત્તે એક વિશેષ રેડિયો કાર્યક્રમ પ્રસારિત કરવામાં આવશે. વધુમાં, વિશ્વ સિંહ દિવસની શુભેચ્છાઓ ધરાવતા આસરે ૬૫ લાખથી વધુ ટેક્સ્ટ સંદેશાઓ **(SMS)** ગુજરાતમાં મોબાઈલ સબસ્ક્રાઈબર્સને મોકલવામાં આવશે. આ ઉપરાંત ૧,૫૦,૦૦૦ થી વધુ ઈ-મેઈલ સબસ્ક્રાઈબર્સને સિંહ દિવસની



શુભેચ્છા ધરાવતો ઈ-મેઈલ મોકલવામાં આવશે. ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં યોજાનાર રાજ્ય કક્ષાની ઉજવણીનું **SatCom, YouTube** અને અન્ય માધ્યમો દ્વારા ૮,૫૦૦ થી વધુ શૈક્ષણિક સંસ્થાઓમાં જીવંત પ્રસારણ કરવામાં આવશે. વિશ્વ સિંહ દિવસની ઉજવણી એશિયાઇ સિંહોના સંરક્ષણ માટેની સામૂહિક પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ સામૂહિક પ્રતિબદ્ધતા ગુજરાત અને ભારતના ગૌરવ – એશિયાઇ સિંહોના સંરક્ષણને આગળ વધારવાના સહિયારા ઉદ્દેશ્યથી પ્રેરિત છે.

# અભયમ ટીમના કુશળ કાઉન્સિલિંગથી બે વર્ષથી વધુ સમયથી વિખૂટી પડેલ માનસીક અસ્વસ્થ પીડિતાના પરિવારજનોને શોધી કાઢ્યા

જૂનાગઢ, તા.૯

જૂનાગઢ સીટી માં કાર્યરત ૧૮૧ મહીલા હેલ્પ લાઈનમાં એક ફોન આવેલ હતો જે જાગૃત નાગરિક દ્વારા જણાવેલ કે એક અજાણ્યા મહિલા બે દિવસ થી ગામમાં આમતેમ ફરી રહ્યા છે. જેથી કોલ મળતા તુરંત ૧૮૧ મહીલા હેલ્પ લાઈન ટીમના ફરજ ઉપરના કાઉન્સેલર અરૂણાબેન કોલડીયા તથા મહિલા પોલીસ મધુબેન ઓડેદરા સહિતની ટીમ સ્થળ ઉપર પહોંચી મહિલાને મળી અને ૧૮૧ ટીમ આવતા ભાગવાનો પ્રયાસ કરતા હોય કાઉંસેલિંગ કર્યુ હતું જેમાં મહિલા તેમના પરિવારની અલગ અલગ માહિતી આપતા હોય જેમાંથી સાચી માહિતી મેળવતા ખ્યાલ આવેલ કે મહિલાના માતા-પિતા મહારાષ્ટ્ર થાણે ડીવા રેલવે સ્ટેશન નજીક રહેતા હોય જેની માહિતી મેળવી ડીવા પોલીસ સ્ટેશન માં સંપર્ક કરેલ અને રેલવે પોલીસ સાથે સંપર્ક કરેલ જેથી તેમના પરિવારની તપાસ કરતા તેમના પિતરાઈ ભાઈનો સંપર્ક થતાં તેમનો ફોન નંબર મેળવેલ અને તેમની સાથે ફોન ઉપર વાત કરતા જણાવેલ કે તે મહિલાના પરિવારમાં તેમના માતા ૧ વર્ષ પહેલાં અને પિતા ૧૦ દિવસ પહેલા જ મૃત્યું પામેલ હોય અને તેમની મોટી બહેન છે જે મુંબઈના ચેમ્બુરમાં રહેતા હોવાનું જણાવેલ જેથી તેમનો ફોન નંબર મેળવેલ અને તેમની સાથે વાત કરી અને તેમણે જણાવેલ કે તેમની આ બહેન ને બે બાળકો પણ છે અને તેમના પતિનું મૃત્યું પામેલ હોય અને જેથી તે બીજા પુરૂષ સાથે રહેવા લાગેલ હોય અને ત્યાંથી નીકળી આવેલ અને બાદમાં તેમની માનસિક સ્થિતિ ખરાબ થઈ ગઈ હોય જેથી ઘરેથી નીકળી ગયેલ હોય અને કોવિડ સમય થી જુદા પડી ગયેલ હોય અમો ઘણા સમયથી તેમને શોધતા હોય પરંતુ મળતા ન હતા. વાત થતાં તેમના બહેન સાથે જેથી તેમને લેવા માટે આવતા હોય હાલ આવવામાં સમય લાગે તેમ હોવાથી મહિલાની સુરક્ષા અને આશ્રય માટે સખી વન સ્ટોપ સેન્ટરમાં લઈ જઈ આશ્રય અપાવેલ અને આગળની કાર્યવાહી તેઓકકને સોંપી હતી.

# જૂનાગઢ જીલ્લામાં તા.૯ થી ૩૦ ઓગષ્ટ મારી માટી મારો દેશ અભિયાન યોજાશે

## શીલાફલકમ, વિરવંદના, પંચપ્રાણ પ્રતિજ્ઞા, વસુધા વંદન, ધ્વજવંદનના ઠેર ઠેર કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ, તા.૯

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત મારી માટી મારો દેશ અભિયાનનો સમગ્ર દેશની સાથે જૂનાગઢ જિલ્લામાં પણ ઉત્સાહભેર આરંભ તારીખ ૯ ઓગસ્ટથી થવા જઈ રહ્યો છે.

જૂનાગઢ જિલ્લાની ૪૯૩ ગ્રામ પંચાયતો, તાલુકા કક્ષાએ અને શહેરમાં શીલાફલકમ, વીર વંદના, પંચ પ્રાણપ્રતિજ્ઞા, વસુદા વંદન અને રાષ્ટ્ર વંદન એમ પાંચ કાર્યક્રમની ઉજવણી ઉલ્લાસ સાથે થશે. આઝાદીના અમૃત મહોત્સવના સમાપનના અવસર પ્રસંગે તા.૯થી ૩૦ ઓગસ્ટ દરમ્યાન સમગ્ર દેશમાં મારી માટી મારો દેશ અભિયાન યોજાશે. જેમાં જૂનાગઢમાં ગ્રામ્ય અને શહેરમાં વિવિધ કાર્યક્રમો દ્વારા શહીદ વીરોને યાદ કરવામાં આવનાર છે. જૂનાગઢ જિલ્લાની ૪૯૩ગ્રામ પંચાયતો, તાલુકા અને શહેરમાં વિરવંદના, પંચપ્રાણ પ્રતિજ્ઞા, વસુધા વંદન, ધ્વજવંદનના કાર્યક્રમો યોજાશે. જૂનાગઢ જિલ્લાના દરેક ગામના સ્વાતંત્ર સેનાનીઓ, વીર શહીદોની યાદમાં સ્મારક તકતીનું નિર્માણ કરાશે. તેમજ દરેક ગામમાં ૭૫ વૃક્ષો વાવીને વસુધા વંદનનું આયોજન કરવામાં આવશે. જૂનાગઢ જિલ્લાના ૪૯૩ ગામ ખાતેથી માટીનો એક કળશ તાલુકા કક્ષાએતા. ૧૬ થી ૨૦ ઓગષ્ટ દરમ્યાન એકત્ર કરી આ માટીનો કળશ દિલ્હી પહોંચાડવામાં આવશે.

# માંગરોળના લોએજ ગામની પ્રાથમિક શાળાના બાળકો માટે તિથી ભોજન કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ, તા.૯

મધ્યાહન ભોજન (પીએમ.પોષણ) યોજના અન્વયે શાળાએ આવતા બાળકો માટે મધ્યાહન ભોજન ઉપરાંત મધ્યાહન ભોજન કેન્દ્ર ઉપર સમયાંતરે આગેવાનો, સરપંચ કે ગામના લોકો દ્વારા તિથી ભોજનનું આયોજન કરવામાં આવે છે. ત્યારે માંગરોળ તાલુકાના લોએજ ગામે પ્રાથમિક શાળાના ૨૭૯ બાળકોને દાતા લખનભાઈ બામરોટિયા અને કરશનભાઈ નંદાણિયા તરફથી તિથી ભોજનમાં ભજીયા સાથે મિષ્ટાન્નમાં જલેબી તથા શીરો બાળકોને પીરસવામાં આવ્યો હતો. આ તકે નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એમ.ટી.ડોડિયા, સરપંચ રવિભાઈ નંદાણિયા, એસએમસી અધ્યક્ષ, આચાર્ય જીતેન્દ્રભાઈ લાલુકિયા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતની કુલ સોલાર કેપેસિટી ૧૦,૧૩૩ મેગાવોટે પહોંચી

## નવી અને રિન્યુએબલ એનર્જી તથા વીજ વિભાગના મંત્રીનો રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીને પ્રત્યુત્તર

નવી દિલ્હી, તા.૯

ગુજરાતની કુલ સોલાર ઊર્જાની સ્થાપિત ક્ષમતા ૩૦મી જૂન, ૨૦૨૩ના રોજ ૧૦,૧૩૩.૬૬ મેગાવોટે પહોંચી છે. ગુજરાતનું સોલાર વીજ ઉત્પાદન ૨૦૨૨-૨૩માં ૧૦,૩૩૫.૩૨ રેં હતું. રાજયસભાના સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા એક પ્રશ્નના જવાબમાં નવી અને રિન્યુએબલ એનર્જી તથા વીજ મંત્રી આર.કે. સિંહે ૦૮ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ આ માહિતી રજૂ કરી હતી.

મંત્રીના નિવેદન મુજબ ૩૦મી જૂન, ૨૦૨૩ સુધીમાં, દેશમાં ૭૦,૦૯૬ મેગાવોટની કુલ સોલાર વીજ ક્ષમતા સ્થાપિત કરવામાં આવી છે. ભારત ૭,૪૮,૯૯૦ મેગાવોટની અંદાજિત સોલાર વીજ ક્ષમતા ધરાવે છે. આમ, સોલાર ઊર્જાની ક્ષમતાને હજી સુધી પૂરેપૂરો ઉપયોગ કરી શકાયો નથી. આ નિવેદનમાં જણાવાયું હતું કે, સોલાર પ્રોજેક્ટ્સને મોટાભાગે કેપ્ટિવ વપરાશ, અને ત્રાહિત-પક્ષકારના વેચાણ વગેરે માટે ટેરિફ-આધારિત સ્પર્ધાત્મક બીડિંગના માધ્યમથી પસંદ કરાયેલા પ્રોજેક્ટ ડેવલપર્સ દ્વારા ખાનગી રોકાણો થકી વિકસાવવામાં આવી રહ્યા છે. હાલના તબક્કે ૫૫.૯૦ ગીગાવોટના સોલાર પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે.

પરિમલ નથવાણી દેશમાં સોલાર પાવર ઉત્પાદનની કુલ સ્થાપિત ક્ષમતા, કેટલી ક્ષમતાનો અત્યારસુધીમાં ઉપયોગ કરાયો છે અને દેશમાં વધુ કોમર્શિયલ સોલાર વીજ પ્લાન્ટ્સ માટેની યોજનાઓ વિશે જાણવા માગતા હતા. મંત્રીના નિવેદન અનુસાર, દેશમાં સોલાર ઊર્જા સહિત રિન્યુએબલ ઊર્જાને પ્રોત્સાહન આપવા માટે વિવિધ પગલાં લેવાયાં છે. સરકારે ઓટોમેટિક રૂટ હેઠળ ૧૦૦% સુધીના વિદેશી પ્રત્યક્ષ રોકાણને **(FDI)** મંજૂરી આપી દીધી છે. ૩૦મી જૂન, ૨૦૨૫ સુધીમાં કાર્યાન્વિત થનારા સોલાર તથા વિન્ડ પાવર પ્રોજેક્ટ્સના આંતર-રાજ્ય વેચાણ માટેના ઈન્ટર સ્ટેટ ટ્રાન્સમિશન સિસ્ટમ **(ISTS)** ચાર્જિસ માફ કરાયા છે. વર્ષ ૨૦૨૯-૩૦ સુધી રિન્યુએબલ પર્ચેઝ ઓબ્લિગેશન **(RPO)** માટેની ધરીની ઘોષણા કરાઈ છે. સરકારે આદેશો જારી કર્યા છે કે, લેટર ઓફ ક્રેડિટ **(LC)** અથવા તો એડવાન્સ પેમેન્ટ સામે વીજ રવાનગી કરવામાં આવશે, જેથી રિન્યુએબલ ઊર્જા ઉત્પાદકોને વિતરણ પરવાના થકી સમયસર પેમેન્ટ સુનિશ્ચિત કરી શકાય. વિવિધ એક્સચેન્જ દ્વારા રિન્યુએબલ ઊર્જા વીજળીના



વેચાણને સુલભ બનાવવા ગ્રીન ટર્મ અહેડ માર્કેટ **(GTAM)** લોંચ કરાયા છે.

# ખંભાળિયાની બદીયાણી હોસ્પિટલમાં રવિવારે વિનામૂલ્યે નેત્ર કેમ્પ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા માનવસેવા સમિતિના ઉપક્રમે ચાલતી એલ.પી. બદીયાણી હોસ્પિટલ (જામનગર હાઈવે) ખાતે આગામી રવિવાર તારીખ ૧૩ મીના રોજ વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુંછે. આ કાર્યક્રમમાં રવિવારે સવારે ૯ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધી આંખના રોગનુંનિદાન, સારવાર, દવા વિતરણ તેમજ શસ્ત્રક્રિયા કેમ્પ યોજાયો છે. જેમાં વીરનગરની જાણીતી શિવાનંદ મિશન હોસ્પિટલના નિષ્ણાત તબીબો તેમની સેવાઓ આપશે. આ ઉપરાંત ઓપરેશનની જરૂરિયાત જણાતા દર્દીઓને આ જ દિવસે બસ મારફતે વીરનગર લઈ જઈ અને ત્યાં બીજા દિવસે ઓપરેશન કરી, અત્રે પરત મૂકી જવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા ખંભાળિયા શહેર તથા આસપાસના નેત્ર દર્દીઓને સંસ્થા દ્વારા અપીલ કરવામાં આવી છે.

# સ્વપન્ન યુવા વિકાસ મંડળ જૂનાગઢ દ્વારા ફ્રેન્ડશીપ ડેની અનોખી ઉજવણી






જૂનાગઢ, તા.૯

દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્વપન્ન યુવા વિકાસ મંડળ - જૂનાગઢના સભ્યો ફ્રેન્ડશીપ ડેની અનોખી ઉજવણી વૃધ્ધ નિકેતન વૃદ્ધાશ્રમમાં જઈને વડીલો સાથે કરવામાં આવી હતી. વડીલો સાથે સમય પસાર કરીને, એ લોકોને ફ્રેન્ડશીપ બેલ્ટ પહેરાવીને, એમના ચહેરા ઉપર સ્મિત આવે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. સ્વપન્ન યુવા વિકાસ મંડળના પ્રમુખ હર્ષદ વાજા, અન્ય સભ્યો અમિતભાઈ શાહ અને પ્રીતિબેન સાંગાણીએ જૂના ગીતો, ભક્તિ ગીતો અને દેશભક્તિના ગીતો રજૂ કરીને વડીલોને આનંદ કરાવ્યો હતો. વડીલોને અલ્પાહાર કરાવ્યા બાદ કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો. આ કાર્યક્રમમાંને સફળ બનાવવા માટે સ્વપન્ન યુવા વિકાસ મંડળના અન્ય સભ્યો તેજલ ભદ્રેશ્વરા, જયશ્રીબેન પાડલીયા, એશ્વર્યા વાઘેલા, વૈશાલી ગાંધી અને વૃધ્ધ નિકેતન વૃદ્ધાશ્રમના રજનીબેને ખૂબજ જહેમત ઉઠાવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# મણિપુરમાં ઝઘડાનું મૂળ અફીણની ખેતી ?

પંજાબમાં ડ્રગની સમસ્યા બે-ત્રણ દાયકા જૂની જ છે, જ્યારે મણિપુરમાં તેનો ઇતિહાસ બેહદ જૂનો છે. ત્રણ દેશો ચીન, બાંગ્લાદેશ અને મ્યાંમારની સીમા તેની સાથે જોડાય છે. તેમાં મ્યાંમાર એવો દેશ છે જે અફીણની ખેતી અને તેની તસ્કરી માટે બદનામ છે. આ એ કુખ્યાત ડ્રગ તસ્કરી ક્ષેત્રનો હિસ્સો છે જેને આંતરરાષ્ટ્રીય જગતમાં ગોલ્ડન ટ્રાયેંગલ કહેવામાં આવે છે. તેમાં લાઓસ, થાઈલેન્ડ અને મ્યાંમાર ત્રણ દેશો સામેલ છે. તેનો ઇતિહાસ બહુ જૂનો છે. બે નદીઓ રુઆક અને મેકાંગના સંગમ વચ્ચેના દસ લાખ વર્ગ કિલોમીટરમાં ફેલાયેલો આ વિસ્તાર દુનિયાનું સૌથી મોટું અફીણ ઉત્પાદક ક્ષેત્ર છે. અહીંથી અફીણ તસ્કરી દ્વારા પહેલાં ચીનમાં પણ પહોંચાડાતું હતું, પરંતુ કમ્યુનિસ્ટોના સત્તા પર બેઠા બાદ તેની તસ્કરી એ દેશમાં ઓછી થઈ ગઈ. પરંતુ બાદમાં, બાંગ્લાદેશ અને થાઈલેન્ડમાં સત્તાવાર તેનો સપ્લાય ચાલુ રહ્યો.

સાઇઠના દાયકામાં વિયેતનામ યુધ્ધ દરમ્યાન તસ્કરીથી ત્યાં પહોંચેલું અફીણ અમેરિકી સૈનિકોમાં બહુ પોપ્યુલર થઈ ગયું હતું. એટલું જ નહીં, અફીણ અને હેરોઇન પણ ત્યાં અમેરિકી યુધ્ધ વિમાનોમાં, જે યુદ્ધનો સામાન ટ્રાન્સપોર્ટ કરતા હતા, ભરીને કેલિફોર્નિયા મોકલાવા લાગ્યો. તેનાથી તસ્કરોની તો ચાંદી થઈ ગઈ. આ ખેલમાં કેટલીય મોટી મોટી ગેંગો સક્રિય થઈ ગઈ અને ડોલર વરસવા લાગ્યા. પરંતુ વિયેતનામ યુદ્ધ ખતમ થતાં જ આ ધંધો ચોપટ થઈ ગયો.

સમયાંતરે તસ્કરોએ ભારત તરફ ધ્યાન આપ્યું. મોટા પાયે અફીણ ભારત આવવા લાગ્યું. આ વિસ્તાર બેહદ દુર્ગમ છે, તેમ છતાં તસ્કર એ તરફથી આસાનીથી આવવા લાગ્યા. પરંતુ બાદમાં મણિપુરના પહાડી વિસ્તારોમાં અફીણની ખેતી થવા લાગી. દૂરદરાજના વિસ્તારોમાં અફીણના ખેતરો લહેરાવા લાગ્યાં. પહેલાંની સરકારોએ જાણવા છતાં તેની અવગણના જ કરી, પરંતુ બિરેન સિંહની ભાજપ સરકારે એના પર નિશાન સાધ્યું. એ સમયે ખબર પડી કે કુલ ૧૫૪૦૦ એકર જમીનમાં અફીણની ખેતી થાય છે. આ અફીણ હેરોઇન બનાવવાના કામમાં આવે છે અને ત્યાં કેટલાક વિસ્તારોમાં તે બને પણ છે. તે ઉપરાંત ફળદ્રુપ જમીનને કારણે મણિપુરમાં ઉત્તમ ક્વોલિટીનું અફીણ પેદા થાય છે. અહીં અફીણની ખેતી અન્ય અનાજ કે શાકભાજીની તુલનામાં આસાનીથી થાય છે એ તેનાથી પણ મોટી વાત એ છે કે તેનો પાક વર્ષમાં બે વાર થાય છે.

અસલમાં, આ વખતે જ્યારે પાક કાપણીનો સમય આવ્યો તો નાર્કોટિક્સ વિરોધી એજન્સીઓએ ઊભા પાક નષ્ટ કરવા શરૂ કરી દીધા, જેનાથી હજારો એકરમાં અફીણનો પાક બરબાદ થઈ ગયો. જેનો ગુસ્સો આ જાતીય હિંસામાં પણ જોવા મળ્યો. મણિપુરમાં નારકોટિક્સવિરોધી એજન્સીઓએ હજારો એકરમાં લાગેલ અફીણના પાકને બાળવાનું શરૂ કરી દીધું, તેનાથી સ્થાનિક લોકોમાં સરકાર વિરુદ્ધ ઘણો રોષ પેદા થઈ ગયો. બાદમાં જાતીય હિંસાનું આ એક મોટું કારણ પણ બન્યું અને મૈતી-કુકી તથા ગેરકાયદે વસેલા મુસ્લિમો વચ્ચે તોફાનોનું પણ. ત્યાં હાલત એવી થઈ ગઈ છે કે સરકારે બે-બે મોરચે ઝઝૂમવું પડી રહ્યું છે. એક તરફ સરકારી તંત્ર તો અફીણી ખેતીને નષ્ટ કરી રહ્યું છે, તો બીજી તરફ મ્યાંમારથી મોટા પાયે આવી રહેલા ડ્રગ્સને પણ નષ્ટ કરી રહ્યું છે, જેમાં અફીણ પણ છે. કેન્દ્રીય અને રાજ્યના નાર્કોટિક્સ વિભાગ રાજ્યમાં અફીણ આવવાથી રોકવાની કોશિશ કરી રહ્યા છે. પરંતુ આ ખેલમાં ઘણા ભાગીદારો હોવાને કારણે એ જટિલ થઈ ગયું છે. પરંતુ સૌથી મોટી સમસ્યા છે મ્યાંમાર, જ્યાં મોટા પાયે અફીણની ખેતી થાય છે અને નશીલી દવાઓનો કારોબાર પણ થાય છે ભારત અને મ્યાંમારની સીમા ૪૦૦ કિલોમીટર લાંબી છે અને દુર્ગમ પણ. આ જ કારણ છે કે ત્યાં માત્ર નશીલી દવાઓના તસ્કર જ નહીં, સોનાના તસ્કરો પણ સક્રિય છે. નાગાલેન્ડ, મણિપુર વગેરેમાં આતંકી કાર્યવાહી કર્યા બાદ ઉગ્રવાદીઓ પણ મ્યાંમાર ભાગી જાય છે. ભારત ચાહવા છતાં પણ તેના વિરુદ્ધ કશું કરી નથી શકતું. ત્યાં સૈનિક શાસન છે અને સેના નશીલી દવાઓના કારોબારમાં પણ દખલ ધરાવે છે. તેથી તસ્કરોને ભારત અફીણ મોકલવામાં આસાની રહે છે, જ્યાંથી પૈસા મળે છે, જેનો હિસ્સો ત્યાંની સેના અધિકારીઓ સુધી પહોંચે છે. દેખીતું છે કે આ આકર્ષક ધંધામાં બધા જ પડવા માંગે છે.

રસપ્રદ વાત એ છે કે મોટાભાગના કુકી મણિપુરના મૂળ નિવાસી નથી, છતાં તેઓ હવે જનસંખ્યાના જોરે પોતાનું અલગ પ્રશાસન ઈચ્છે છે. આ પણ ઝગડાનું એક મોટું કારણ છે. કુકી ઝનૂની સ્વભાવના કબીલાઈ છે અને તેમની મિઝો અને નાગાઓ સાથે અથડામણો થતી રહે છે. કેટલીય વાર તો તેમની લડાઈ કેટલાય મહિનાઓ સુધી ચાલે છે. મોટાભાગના કુકી ચિન મ્યાંમારથી ગેરકાયદે રૂપે ભારત આવ્યા હતા અને મોટા પાયે મણિપુરમાં વસી ગયા હતા. હજુ પણ તેમનું ત્યાંથી આવવાનું ચાલુ જ છે. ત્યાંના દુર્ગમ પહાડી વિસ્તારોમાં તેમને શોધી શકવા આસાન પણ નથી.

ભારતનાં પૂર્વોત્તર રાજ્યો મેદાની રાજ્યો જેવાં નથી. અહીંના લોકો અલગ છે અને સમસ્યાઓ પણ અલગ છે. અહીં વર્ષોથી ભારે ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે અને તસ્કરી પણ ખૂબ થાય છે. મ્યાંમારથી નશીલા પદાર્થોની તો તસ્કરી થાય જ છે, ચીનથી કપડાં અને ઇલેક્ટ્રોનિક સામાનોની પણ તસ્કરી થાય છે. અફીણના ખેલમાં ઘણાં તત્ત્વો છે જેમાં કેટલાય સત્તાની નજીક હોવાને કારણે બચી જાય છે. ત્યાં સુધી કે પોલીસવાળા અને કેટલાય કારોબારી પણ આ 'ઇઝી મની'માં પડ્યા છે. તેમાંથી કેટલાય પકડાઈ પણ ગયા છે, પરંતુ ધંધો તો ચાલતો જ રહે છે. અફીણે મણિપુરને ઘણી હદે જંગલવિહીન બનાવી દીધું છે, કારણ કે સેંકડો વર્ગ કિલોમીટર જંગલ કાપીને ત્યાં અફીણની ગેરકાયદે ખેતી થઈ રહી છે. તેનાથી પર્યાવરણને તો નુકસાન થાય જ છે, આ સુરમ્ય રાજ્યની સુંદરતા પણ ઘટતી જાય છે.

# પ્રદીપસિંહ પ્રકરણ : લોકસભા ચૂંટણી પહેલાં પત્રિકાયુદ્ધના પગલે ગુજરાત ભાજપમાં હજુ રાજીનામા પડવાની શક્યતા

## સી.આર.પાટીલ જૂથના નેતાઓ સીધા ટાર્ગેટ હોવાની ચર્ચા બાદ રાજકારણ ગરમાયું : ભાજપ મોવડીમંડળ સક્રિય

અમદાવાદ, તા.૯

ગુજરાતના રાજકારણમાં શનિવારે મોટા ખેલ પડ્યા છે અને ૨ કદાવર નેતાઓએ રાજીનામા આપી દીધા છે. ભાજપ હવે કાર્યવાહી કરવાના મૂડમાં છે. પાટીલ જૂથના નેતાઓ સીધા ટાર્ગેટ થતાં ગુજરાત ભાજપ એક્ટિવ થયું છે. પ્રદીપસિંહે રાજીનામું આપ્યું છે પણ સાઈડલાઈન થયા નથી. પ્રદીપસિંહે શનિવારે સવારે જ કહ્યું હતું કે, અગ્નિપરીક્ષામાંથી તેઓ તપીને બહાર આવશે. હાલમાં પાટીલ જૂથના આ નેતા માટે અગ્નિપરીક્ષા જેવો માહોલ છે, જેમાં આગામી સમયમાં મોટા માથાઓના નામ ખુલવાની સાથે પોલીસ ફરિયાદ થાય તો પણ નવાઈ નહીં. પ્રદીપસિંહ આ મામલાને બિલકુલ ભૂલી જવાના મૂડમાં નથી, પ્રદીપસિંહની રાજકીય કારકીર્દીપૂરી કરી દેવા માટે ઘડાયેલા આ પ્લાનમાં આગામી દિવસોમાં ગુજરાતના રાજકારણમાં કડાકા ભડાકા થવાની સંભાવના છે. પ્રદીપસિંહના રાજીનામાના મામલા બાદ ભાજપ એક્ટિવ થયું છે. એવી ચર્ચા છે કે, ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિએ પ્રદીપસિંહની ભૂમિકા મામલે મોટા ગંભીર આક્ષેપો કર્યા છે. જેઓએ પ્રદીપસિંહના નામજોગ સરકારમાં ફરિયાદ કરી છે, જેમાં પ્રદીપસિંહ સામે ગંભીર આક્ષેપો થતાં હાલમાં પ્રદેશ અધ્યક્ષ પાટીલના આદેશથી પ્રદીપસિંહે રાજીનામું આપીને આ મામલામાં પોતાની ભૂમિકાને સ્પષ્ટ કરી દીધી છે. બીજી તરફ એવું કહેવાય છે કે, પ્રદીપસિંહને બદનામ કરવા માટે એક પત્રિકાયુદ્ધ શરૂ કરાયું છે. કમલમમાં અને સરકારમાં પ્રદીપસિંહના વધતા જતા કદને દબાવવા માટે કેટલાક નેતાઓએ પત્રિકાયુદ્ધ શરૂ કરાવ્યું છે, જેમાં હાથો ગુજરાત યુનિના પૂર્વ કુલપતિ બન્યા હોવાની ચર્ચા છે, જેમાં પ્રદીપસિંહ વાઘેલાની અરજી અંતર્ગત અમદાવાદની પોલીસે હિમાંશુ પંડ્યાની પાંચ કલાક સુધી પૂછપરછ કરી છે. આ કેસમાં પ્રદીપસિહ પોતાની જાતને નિર્દોષ માની રહ્યા છે અને એમને જાણી જોઈને ભરાવાઈ રહ્યા હોવાનો બચાવ કરી રહ્યા છે. બની શકે કે સુરતની જેમ અમદાવાદમાં પણ પત્રિકાયુદ્ધમાં ફરિયાદો થઈ શકે છે. પ્રદીપસિંહ ફક્ત ભાજપની લીલીઝંડીની રાહ જોઈ રહ્યા છે. આગામી દિવસોમાં ગુજરાતના રાજકારણમાં નવાજૂની થાય તો પણ નવાઈ નહીં.

સામસામેના આ આક્ષેપોમાં ભાજપના એક પૂર્વ પ્રવક્તાની આ કેસમાં ભૂમિકા બહાર આવી છે. જેઓએ પ્રદીપસિંહ અને પૂર્વ કુલપતિ વચ્ચે સમાધાનની ભૂમિકા ભજવી હતી અને પ્રદીપસિંહના ઘરે મુલાકાતો પણ કરી હતી પણ આ મામલામાં તેલ જુઓ અને તેલની ધાર જુઓ એમ આગામી સમય જ દેખાડશે કે કોની સામે કાર્યવાહી થાય છે પણ હાલ તો પ્રદીપસિંહના રાજીનામાને પગલે ગુજરાતનું રાજકારણ ચર્ચાને એરણે ચઢ્યું છે. વડોદરામાં પણ એક પૂર્વ મેયરે દિલ્હીથી આવ્યા બાદ રાજીનામું આપી દીધું છે. આમ લોકસભાની ચૂંટણી પહેલાં ભાજપ હાઈકમાન્ડ નેતાઓએ શરૂ કરેલા પત્રિકાયુદ્ધમાં મોટી કાર્યવાહી કરવાના મૂડમાં છે. ગુજરાતમાં એવી ચર્ચા છે કે, આગામી સમયમાં બીજા રાજીનામા પડે તો નવાઈ નહીં.

# ગુજરાતને ડ્રગ્સનું કેન્દ્ર બનતું અટકાવવા હાઈકોર્ટના સીટિંગ જજના નેતૃત્વમાં હાઈપાવર કમિટી બનાવવામાં આવે

અમદાવાદ, તા.૯

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ પ્રેસ વાર્તામાં ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું કે, થોડા દિવસ પહેલા સરકારને પ્રેસ કોન્ફરન્સ કરીને વિનંતી પણ કરી હતી કે, ગુજરાતમાં છેલ્લા સાત વર્ષમાં લગભગ ચાલીસ હજાર કરોડ કરતા વધારે ડ્રગ્સ પકડાયું, ગુજરાતમાં અત્યાર સુધી વિદેશથી ડ્રગ્સનું લેન્ડિંગ હબ બન્યું હતું તેનાથી આગળ વધીને પ્રોસેસિંગ હબ અને સાથે-સાથે જે હકીકત અને આંકડા આવી રહ્યા છે ગુજરાત ડ્રગ્સના એક્સપોર્ટ માટેનું પણ હબ બને તે દિશામાં આગળ વધી રહ્યું છે.

કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહના મતવિસ્તારમાં સાણંદ ખાતે ડ્રગ્સ પકડાયેલ હતું નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરો (NCB) અધિકારીઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે. તા.૨૪, ૨૫, ૨૬ જૂન અને ૧લી જુલાઈએ આ અંગેની ન્યાયિક પ્રક્રિયાઓ કરવામાં આવે છે. કોર્ટમાં ધરપકડ કરાયેલ ડાયરેક્ટરની પૂછપરછ માટે રિમાન્ડની માગણી કરવામાં આવે છે. વર્ષોથી આ ડ્રગ્સનો વેપાર ચાલતો હતો અને એને કયાં મોકલવામાં આવતું હતું તેની વિગતો જાણવા માટે રિમાન્ડ માંગવામાં આવે છે અને ત્યાર પછી આ ચિંતાજનક વિષય ઉપર કોર્ટ રિમાન્ડ મંજૂર કરે છે. કોર્ટ સમક્ષ આરોપીના વકીલ દ્વારા આરોપીની જામીન માટે માંગણી કરવામાં આવે છે, નામદાર કોર્ટ જામીન પણ નામંજૂર કરે છે. આ ઘટના કેન્દ્રીય ગૃહમંત્રીના વિસ્તારમાં બનેલી હતી, મુખ્યમંત્રીના નજીકના વિસ્તારમાં બનેલી હતી. નાની-નાની વાતે ૫૦ ગ્રામ ડ્રગ્સ પકડાયું હોય તો પણ ગૃહ રાજયમંત્રી આવીને પ્રેસ કોન્ફરન્સ કરીને વાહવાહી મેળવવાનો પ્રયત્ન કરે છે જ્યારે આ સમગ્ર ઘટનાક્રમમાં ૧૦ હજાર કરોડ કરતા વધારેના આંતરરાષ્ટ્રીય કિંમત ધરાવતા ડ્રગ્સ પકડાવા છતાં આરોપીઓ પકડાય છે, કોર્ટ એને જેલમાં નાખે છે, જામીન આપતી નથી, તેમ છતાં ગુજરાત સરકાર ચૂપ છે, ગૃહ રાજ્યમંત્રી ચૂપ છે, રાજયના પોલીસ વડા ચૂપ છે, આખી કહેવાતી સંદેવનશીલ સરકાર ચૂપ છે. તેનો સ્પષ્ટ મતલબ છે કે, ફાર્માસ્યુટિકલ કંપનીઓની આડમાં ડ્રગ્સનું રેકેટ અને કાર્ટેલ ચાલી રહ્યું છે અને તેના મોટા માથાઓ ભાજપના મોટા માથાઓ સાથે સંપર્કમાં છે? શું સરકારમાં બેઠેલા લોકો પ્રભાવિત છે અથવા દબાયેલ છે ? અથવા ક્યાંકને ક્યાંક તેમની ભાગીદારી હશે એટલે કદાચ તેઓ ચૂપ છે? ૫૦૦ કિલો ડ્રગ્સ પકડાય અને તેના પુરાવા હોય તેમ છતાં સરકાર ચૂપ હોય ત્યારે અમે સરકારને પૂછવા માંગીએ છીએ, રાજયના મુખ્યમંત્રીને પૂછવા માંગીએ છીએ, રાજયના ગૃહમંત્રીને પૂછવા માંગીએ છીએ, રાજયના પોલીસ વડાને પૂછવા માંગીએ છીએ કે ખરેખર આ એનસીબીએ ૫૦૦ કિલો ડ્રગ્સ એ શું હતું? શું કાર્યવાહી થઈ ? રાજ્ય સરકારનો શું રોલ હતો ? કેન્દ્રની એજન્સીઓનો શું રોલ હતો ? અને આ બધાને છૂપાવવા માટેના શું કારણો છે ? તે પ્રજા વતી અમે પૂછવા માંગીએ છીએ સરકાર આ બાબતે નિવેદન અને ખુલાસો કરો. જેથી કરીને ગુજરાતની પ્રજા એ જાણી શકે કે અમારી આવનારી પેઢીઓ માટે સરકાર કેટલી ચિંતિત છે. ડ્રગ્સ અને દારૂ ગુજરાત માટે આપણી યુવા પેઢી માટે ખૂબ ચિંતાનો વિષય છે. આજે જે રીતે ગુજરાતમાં શાંતિ સલામતી જળવાઈ રહી એની પાછળ ગુજરાતમાં દારૂબંધીનો કાયદો કારણભૂત છે. પાછલા ત્રણ દાયકામાં પોલીસ પ્રશાસન અને સરકારની મિલીભગતના કારણે દારૂબંધીનો કાયદો હોવા છતાંપણ ગુજરાતની ગલીએ ગલીએ દારૂ વેચાય છે. ગુજરાતમાં જ્યારે પણ ડ્રગ્સ પકડાય ત્યારે સરકાર તેની વાહવાહી લૂંટે છે પરંતુ તેમાં આજ સુધી મંગાવનારા અને મોકલનારા કોઈ મોટા માથા પકડાયા હોય તેવું ક્યાંય પણ રેકોર્ડમાં નથી.

# જ્ઞાનવાપી મસ્જિદની નીચે શું કોઈ પ્રકારનું માળખું દટાયેલું છે કે નહીં તે જાણવા GPR ટેકનોલોજીની મદદ લેવાશે

(એજન્સી) તા.૯

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એએસઆઈ)ના ભૂતપૂર્વ વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું છે કે, જ્ઞાનવાપી મસ્જિદ સંકુલના વૈજ્ઞાનિક સર્વેક્ષણમાં ઉપયોગમાં લેવાતી 'જીપીઆર' ટેક્નોલોજી મસ્જિદની નીચે તોડફોડ વિના કોઈ માળખું દટાયેલું છે કે કેમ તે શોધવાનો શ્રેષ્ઠ માર્ગ છે. જમીનની અંદરની તસવીરો લેતી રડાર ટેક્નોલોજી 'GPR'ની મદદથી આ સર્વે કરવામાં આવી રહ્યો છે. ઉત્તરપ્રદેશના વારાણસી જિલ્લામાં ASIએ શનિવારે બીજા દિવસે જ્ઞાનવાપી કેમ્પસમાં વૈજ્ઞાનિક સર્વેક્ષણ કાર્ય શરૂ કર્યું. ૧૭મી સદીની મસ્જિદ હિંદુ મંદિરની રચના ઉપર બનાવવામાં આવી હતી કે કેમ તેનક્કી કરવા માટે જ્ઞાનવાપી સંકુલમાં એક વૈજ્ઞાનિક સર્વેક્ષણ કરવામાં આવી રહ્યું છે. ASIના પૂર્વ એડિશ્નલ ડાયરેક્ટર જનરલ બી.આર. મણિએ જણાવ્યું હતું કે, જીપીઆર ટેક્નોલોજીમાં ચોક્કસ પ્રકારના સાધનોનો સમાવેશ થાય છે. મણિએ કહ્યું, 'આ ઉપકરણો જમીન ઉપર મૂકવામાં આવે છે અને ઈલેક્ટ્રોમેગ્નેટિક તરંગોને જમીનની નીચે સબ-સર્ફેસ લેવલ ઉપર મોકલવામાં આવે છે. આ તરંગો ઈંટો, રેતી, પથ્થરો અને ધાતુઓ જેવી કોઈપણ વસ્તુના સંપર્કમાં આવે છે અને 'મોનિટર' ઉપર રેકોર્ડ થાય છે.' તેમણે કહ્યું, તજજ્ઞો એ જાણવા માટે તેનો અભ્યાસ કરે છે કે, જમીનની નીચે કોઈ નક્કર પદાર્થ હાજર છે કે નહીં. મણિએ કહ્યું, 'જ્ઞાનવાપી સંકુલમાં જીપીઆર સર્વે સાબિત કરશે કે મસ્જિદની નીચે કોઈ સ્ટ્રક્ચર દટાયેલું છે કે નહીં અને જો તેમ હોય, તો કેવું માળખું છે. તેમણે કહ્યું હતું કે, 'જીપીઆર' ટેક્નોલોજી એ કોઈપણ પ્રકારના ડિમોલિશન વિના ભૂગર્ભમાં સર્વે કરવા માટેની શ્રેષ્ઠ તક્નિક છે અને તેનો ઉપયોગ નિષ્ણાતોની દેખરેખ હેઠળ જ થવો જોઈએ.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

એક સારો વિચાર અનેક ખોટા વિચારોને દૂર કરી શકે છે.

- કોલ્ટન

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૨, મુ. મોહરમ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અધિક શ્રાવણ વદ-૯ અગસ્ત્ય દર્શન તા.૯ ઓગષ્ટ ૨૦૨૩, બુધવાર, પારસી તા.૨૯, મુસ્લિમ તા.૨૧, કૃતિકા નક્ષત્ર, વૃધ્ધિ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૨૫, સૂ.અ.૭:૨૭

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ), સવારે ૭:૪૪ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પરિવારજનોમાં યશ, વૃધ્ધિ રહે. માંગલિક પ્રસંગોનું આયોજન થાય.
વૃષભ: નવા આયોજનો ન કરવા હિતાવહ. મહત્વના કાર્યો સંભાળીને કરવા.
મિથુન: આરોગ્ય બાબતે સંભાળવું. નાણાંની લેવડ-દેવડમાં સફળતા રહે.
કર્ક: વાણી સંયમ જાળવવો હિતાવહ. આકસ્મીક ધન વ્યય થાય.
સિંહ: નવિન કાર્યમાં સફળતા મળે. આર્થિક મુંઝવણમાંથી માર્ગ મળે.
કન્યા: નોકરીયાત વર્ગને કાર્યભાર વિશેષ રહે. વ્યર્થ ચિંતા રહે.
તુલા: કાર્યમાં વિલંભથી સાફળતા મળે. વ્યર્થ વાદ-વિવાદ ન કરવો હિતાવહ.
વૃશ્ચિક: કાનુની બાબતે લાભ. આવકમાં વૃધ્ધિ થાય.
ધન: મહત્વના નિર્ણયો લઈ શકશો. દિવસ આનંદભર્યો પસાર થાય.
મકર: વ્યાપાર-ઉદ્યોગ બાબતે ચિંતા રહે. મિલન-મુલાકાત સફળ થાય.
કુંભ: સંતાનોથી સહકાર મળે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.
મીન: સ્નેહીજનોથી અસંતોષ રહે. આર્થિક વ્યવહારોમાં સંભાળવું.

અધિક માસનું કથામૃત
- કનકચંદ્ર સી. વ્યાસ



# પિતામહ ભીષ્મની શ્રી કૃષ્ણ ભક્તિ

પિતામહ ભીષ્મપિતામહ ભીષ્મ શ્રી કૃષ્ણનું સાચું સ્વરૂપ જાણી ગયા હતા અને ભગવાન શ્રી કૃષ્ણ અર્જુન અને પાંડવોને પક્ષે હતા.‘‘તેથી જ્યારે મહાભારતનું યુધ્ધ થયું ત્યારે કૌરવોની સેનાના સેનાપતિ બનેલા પિતમાહ ભીષ્મ યુધ્ધમાં પાંડવો પ્રત્યે સહાનુભૂત‘‘રાખતા હતા.‘‘આ બાબતે દુર્યોધન પિતામહ ભીષ્મ પ્રત્યે રોષે ભરાયેલો તેથી તેમણે પિતામહ ભીષ્મને કડવા વેણ કહ્યું ત્યારે તે‘‘કડવાવેણથી ઉશ્કેરાયેલા પિતામહ ભીષ્મએ પ્રતિજ્ઞા લીધી કે, કાલે યુધ્ધમાં ‘‘કાં તો હું નહીં અથવા આ પાંડવો નહીં.’’‘‘આ પ્રતિજ્ઞા વિશે સાંભળી અને પાંડવો ગભરાયા. સૌ પિતામહ ભીષ્મની શક્તિ અને તેમની પ્રતિજ્ઞાની શક્તિને‘‘સારી રીતે જાણતા હતા. તેથી કૌવરવોની છાવણીમાં આનંદ-ઉલ્લાસ ફેલાઇ ગયો. જ્યારે પાંડવોની છાવણીમાં વાતાવરણ‘‘શાંત અને ગંભીર બની ગયું.‘‘આવી પરિસ્થિતિ વચ્ચે ભગવાન શ્રી કૃષ્ણને પાંડવોએ ખરા અંતઃકરણ પૂર્વક યાદ કર્યા અને તેમને આ સ્થિતિમાંથી‘‘બચાવવા માટે વિનંતી કરી.‘‘પાંડવોની વિનંતીને ધ્યાને લઇ અને ભગવાન શ્રી કૃષ્ણએ તેમને હૈયા ધારણા આપી અને દ્રૌપદીજીની યુક્તી વડે‘‘પિતામહ ભીષ્મ પાસે ‘‘અખંડ સૌભાગ્યવતી ભવઃ’’ ના આશીર્વાદ મેળવી લીધા. પછી જ્યારે સત્યનું જ્ઞાન થયું ત્યારે‘‘ભીષ્મએ ભગવાન શ્રી કૃષ્ણને કહ્યું, ‘‘તમે પૂર્ણ પુરૂષોત્તમ અને યોગેશ્વર છો તમારી લીલા હું જાણી ગયો છું. યુધ્ધમાં થાકેલા‘‘અને દુર્યોધનના વાક બાંણથી વિંધાયેલા એવા મારા સંતાપ સભર સમય દરમ્યાન જાણ્યું કે, ‘‘આ અર્જુનની પત્ની મારા‘‘આશીર્વાદ લેવા આવી છે. વિચિત્ર પરિસ્થિતિ વચ્ચે દ્રૌપદીને તેણે અખંડ સૌભાગ્યવતી ભવઃ ના આશીર્વાદ આપ્યા. તેમાં‘‘તમારી લીલા જ કામ કરી ગઇ છે. હે પ્રભુ! તમારી લીલાને કારણે જ મેં મારી પ્રતિજ્ઞાનો ભંગ કર્યો છે.’’‘‘ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ કહે છે, ‘‘તમે તમારી પ્રતિજ્ઞાનો ક્યારેય ભંગ નહતો કર્યો.... આજે તમે મારા દ્વારા‘‘આધિન થઇ અને પ્રતિજ્ઞાનો ભંગ કર્યો તે બદલ સદાય હું તમારો ઋણી રહીશ.’’‘‘આમ, વાર્તાલાપ થયા પછી બીજે દિવસે યુધ્ધ શરૂ થયું અને પિતામહ ભીષ્મ જનુન પૂર્વક લડવા લાગ્યા. અર્જુનને‘‘ભગવાન શ્રી કૃષ્ણએ વારંવાર ભીષ્મ પર પ્રહાર કરવા જણાવ્યું પરંતુ અર્જુન પિતામહ પ્રત્યે લાગણીવશ હતો તેથી તે‘‘પ્રહાર કરી શકતો ન હતો આખરે બાણ ભગવાન શ્રી કૃષ્ણ અને અર્જુનને લાગવા લાગ્યા. તેથી તેમનું રક્ત વહેવા લાગ્યું.‘‘આથી, ભગવાન શ્રી કૃષ્ણ ગુસ્સે ભરાયા ગુસ્સામાંને ગુસ્સામાં ભગવાને રથ ઉપરથી ઉતરી હાથમાં ચાબુક લઇ લીધી અને‘‘સિંહ ગર્જના સાથે પિતામહ ભીષ્મને મારવા દોડ્યા.‘‘આ દ્રશ્ય જોઇ ત્યાં હાજર રહેલા કૌરવ અને પાંડવ પક્ષના તમામ યોદ્ધાઓ ગભરાયા ભગવાનનું વિકારળ સ્વરૂપ‘‘જોઇ અને સૌ થરથર કાંપવા લાગ્યા. પરંતુ આ વીર સ્વરૂપને જોઇ પિતામહ ભીષ્મ જરા પણ ડર વગર કહ્યું, ‘‘હે પ્રભુ, હું‘‘આપનો સેવક છું તમે કાયમ ભક્તોની લાજ રાખનારા છો. હે નાથ, તમે હાથમાં ચાબુક લાઇ મારા પર પ્રહાર કરવા‘‘આવ્યા તે મારા પ્રત્યે તમારો અહર્નિશ પ્રેમ હોઇ તમે યુધ્ધમાં હથીયાર ન લેવાની પ્રતિજ્ઞા લઇ તેનો ભંગ કર્યો છે. હે પ્રભુ!‘‘તમારી જય હો. તમે આ રીતે મારા ઉપર પ્રહાર કરવા દોડી અને મારી પ્રતિષ્ઠાને વધારવા માટે જ આમ કર્યું છે.‘‘આ દ્રશ્ય જોઇ અને અર્જુન પણ ગભરાયો તેણે તરત જ રથમાંથી કુદકો માર્યો અને તે ભગવાનના પગ પકડી અને‘‘શાંત થવા વિનંતી કરતા કહેવા લાગ્યો, ‘‘પ્રભુ, ક્ષમા કરો તમે આ શું કરો છો? યુધ્ધમાં તમે શસ્ત્રો ન લેવા પ્રતિજ્ઞા કરેલી‘‘તમે જો હવે આગળ વધશો તો તમારી પ્રતિજ્ઞાને હાનિ પહોંચશે. ત્યારે ભગવાન માન શાંત થયા.‘‘પછી અર્જુને કહ્યું હવે હું નિષ્ઠાપૂર્વક યુધ્ધ કરીશ. બીજે દિવસે પણ યુધ્ધમાં ભીષ્મ સામે અર્જુનનો ગજ ન વાગ્યો‘‘ત્યારે ત્રીજે દિવસે યુક્તીથી શિખંડીને આડે રાખી અને અર્જુનને ભીષ્મ પર હુમલો કરવા ભગવાન શ્રી કૃષ્ણએ આજ્ઞા કરી.‘‘તેની આજ્ઞાને માન આપી અને અર્જુને તેમ કર્યું.‘‘અર્જુનાસહસ્ત્ર બાણો વડે વિંધાયેલા પિતામહ ભીષ્મ બાણશૈય્યા પર પોઢયા. જયારે પિતામહ ભીષ્મનો દેહ ત્યાગ‘‘કરવાનો સમય આવ્યો ત્યારે સૂર્યનારાયણ ભગવાન ઉતરાયણમાં પ્રવિષ્ટ થયા હતા. બરાબર આ સમયે ધૃતરાષ્ટ્ર, મહર્ષિ‘‘નારદજી, વેદવ્યાસજી, યુધિષ્ઠીર, અર્જુન, ભીમ, સહદેવ, નકુલ, ભગવાન શ્રી કૃષ્ણ વગેરે બાણશૈય્યા પર પોઢેલા પિતામહ‘‘ભીષ્મ પાસે આવ્યા. અંતિમ સમય આવ્યો છે. તે જાણી અને પિતમાહ ભીષ્મએ ભગવાન શ્રી કૃષ્ણની ખરા હૃદયથી સ્તૂતિ કરવા માંડી.‘‘‘‘હે સર્વ દેવતાઓના અધિપતિ ભગવાન શ્રી કૃષ્ણ! તમે પૂર્ણ પુરૂષોત્તમ છો. તમે જ હંમેશને માટે મારી રક્ષા કરી છે. મેં‘‘તમારા નીજ સ્વરૂપને ઓળખ્યો છે. દેવતાઓ કે ઋષિઓ પણ તમારા તત્ત્વને જાણી શકવાને શક્તિમાન નથી. સર્વ‘‘વેદશાસ્ત્રો વગેરે પણ તમારો મહિમા ગાય છે. તમે ભક્ત વત્સલ અને કરૂણાના સાગર છો. આપ જ ઉપાસવા અને‘‘આસરો લેવાને યોગ્ય છો. આપ જ આદિ, મધ્ય અને અંતરહિત છો, આપ અનંત છો, સત્ય, ધર્મ, કામ, ક્ષેત્ર, મોક્ષ,‘‘સાંખ્ય સ્વરૂપ પણ આપ જ છો. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ પણ આપ જ છો. જે તમારે શરણે જાય છે તે સર્વ પ્રકારના બંધન અને‘‘દુઃખમાંથી છૂટી જાય છે. તમે આનંદ સ્વરૂપ પણ છો. યુધ્ધમાં હાથમાં શસ્ત્ર ન લેવાની પ્રતિજ્ઞા લેનારા આપે મારા માટે મારી‘‘પ્રતિષ્ઠા માટે પ્રતિજ્ઞાનો ભંગ કર્યો અને મેં ભક્તિભાવે તમારા હાથમાં શસ્ત્ર લેવડાવવા માટે પ્રતિજ્ઞા લીધેલી તે મારી‘‘પ્રતિજ્ઞાને તમે પૂરી કરી.‘‘મેં આપના સાથે સાથે વિતાવેલી એક એક પળને યાદ કરું છું અને મારા એક એક રૂંવાટા આનંદ વિભોર બને છે.‘‘યુધિષ્ઠીરના રાજસૂર્ય યજ્ઞને યાદ કરું કે અર્જુનના સારથી બનેલા તમને યાદ કરું. તમે દરેક વખતે અલૌકીક રૂપમાં મને‘‘દર્શન આપેલા છે. આપ અજન્મા છો તે હું જાણું છું. મેં મારી જાતને તમને સોંપી છે આમ કહેતા શરીરમાંથી એકએક બાણ‘‘છૂટું પડતું ગયું અને તેમના દેહ પર પડેલા ઘા રુઝાવા લાગ્યા. તે જોઇ ત્યાં હાજર રહેલા સૌ ચકચકિત થઈ ગયા.‘‘આખરે તેમના દેહમાંથી નિકળેલી એક જયોતિ ભગવાન શ્રી કૃષ્ણમાં સમાઇ ગઇ. ત્યારે ત્યાં પિતામહ ભીષ્મના‘‘માતા એવા ગંગાજી સાક્ષાત પ્રગટ થયેલા અને પુત્ર શોકથી વિલાપ કરવા લાગ્યા. ત્યારે ભગવાન શ્રી કૃષ્ણએ ગંગાજીને‘‘સાંત્વના આપી અને શોક ન કરવા કહ્યું. તેમજ વધુમાં કહ્યું કે, અષ્ટ વસુમાનાં એક વસુ પિતામહ ભીષ્મ હતા પરંતુ વસિષ્ઠ‘‘ઋષિના સાપને કારણે તેમને મનુષ્ય યોનિમાં જન્મ લેવો પડેલ અને તે હવે પોતાના લોકમાં ગયા છે માટે તમે શોક ન કરો.‘‘ભગવાન શ્રી કૃષ્ણ પ્રત્યેની અલૌકીક ભક્તિને કારણે પિતામહ ભીષ્મ આજે પણ ભારતના ઈતિહાસમાં અમર છે.

## ‘‘આજનું ભજન‘‘

કઠણ હૈયાનો કાન મને ના બોલાવે,
‘‘બાલોવ્યે મારે મંદિરીયે ન આવે. કઠણ....
‘‘જળ બરવા જાઉં ત્યાં પાછળ પાછળ આવે,
‘‘વગર કહે મારા બેડલા ચડાવે. કઠણ...
‘‘વૃંદાવન જાઉં ત્યાં પાછળ પાછળ આવે,
‘‘વગર કહે મને રાસ રમાડે, કઠણ...
‘‘રસોઇ કરવા બેસું ત્યારે પાછળ પાછળ આવે,
‘‘વગર કહે મારી રસોઇ ચાખે, કઠણ...
‘‘ગાય દોવા બેસું ત્યારે પાછળ પાછળ આવે,
‘‘વગર કહે મારા વાછરડા ધવરાવે, કઠણ...

શ્રીમતિ રમણતારા કે. વ્યાસ

### ડોક્ટર બનવા માટે ૧૫ હજાર કન્યાઓને આર્થિક સહાય કરાઈ !

# રાજ્યમાં શોધ યોજના હેઠળ ૨૬૭૫ વિદ્યાર્થીઓને ઉચ્ચ સંશોધન માટે સહાય



ગાંધીનગર, તા.૯

રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ, કન્યા કેળવણી યાત્રા વગેરે જેવી યોજનાઓને કારણે પ્રાથમિક શિક્ષણનું સ્તર સુધર્યું હોવાનો દાવો સરકાર કરે છે. જેમાં હવે ઉચ્ચ અને તકનીકી શિક્ષણનું ગુજરાત કેન્દ્ર બનવાની દિશામાં પણ આગળ વધી રહ્યું હોવાનું કહેવાય છે.

રાજ્યમાં વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ ઉપરાંત, સંશોધન અને સર્જનાત્મકતા તેમજ વિદ્યાર્થીઓના કૌશલ્ય નિર્માણ ઉપર પણ ભાર મૂકવામાં આવે છે. ઉચ્ચ શિક્ષણ મેળવવા માંગતા રાજ્યના તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને જરૂરી આર્થિક સહાય મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના, મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના અને સ્કિમ ઓફ ડેવલપિંગ હાઈ ક્વૉલિટી રિસર્ચ યોજનાઓ જેવી વિવિધ યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. આ યોજનાઓના નક્કર અમલીકરણને કારણે આજે રાજ્યના લાખો વિદ્યાર્થીઓ ગુણવત્તાયુકત ઉચ્ચ શિક્ષણ મેળવી રહ્યા છે અને પોતાના સપનાંઓ સાકાર કરી રહ્યા છે. ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માંગતા રાજ્યના તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને જરૂરી આર્થિક સહાય મળી રહે તે હેતુથી રાજ્યમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અમલમાં છે, આ યોજના હેઠળ મેડિકલ, ડેન્ટલ, એન્જિનિયરિંગ/ ટેકનોલોજી, ફાર્મસી, પેરા મેડિકલ, ડિપ્લોમા, બીસીએ, બીબીએ સહિતા અભ્યાસક્રમો માટે આર્થિક સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ ટ્યુશન ફીના ૫૦ ટકા અથવા મહત્તમ મર્યાદા, એ પૈકી જે ઓછું હોય તે આર્થિક સહાય વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૭૦,૦૦૦ના લક્ષ્યાંક સામે ૭૦,૦૮૫ વિદ્યાર્થીઓને રૂ.૩૭૩ કરોડની આર્થિક સહાય ચૂકવવામાં આવી છે. આમ, ૧૦૦.૧૨% સાથે આ વર્ષનો લક્ષ્યાંક પૂર્ણ કરવામાં આવ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ૭૨,૫૦૦ વિદ્યાર્થીઓને રૂ.૩૭૫ કરોડની સહાય ચૂકવવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે, જેમાંથી આ વર્ષના પ્રથમ ચાર મહિનામાં ૨૨, ૮૧૩ વિદ્યાર્થીઓને રૂ.૧૪૪.૬૦ કરોડની સહાય ચૂકવી દેવામાં આવી છે. મેડિકલ ક્ષેત્રે (MBBS) અભ્યાસ કરતી કન્યાઓને આર્થિક સહાય માટેની કન્યા કેળવણી નિધિ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ના ૩૭૫૦ વિદ્યાર્થિનીઓને રૂ.૧૩૦ કરોડની સહાયના લક્ષ્યાંકની સામે, ૩૮૫૦ વિદ્યાર્થિનીઓને રૂ.૧૩૫ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. ઉચ્ચ કક્ષાના ગુણવત્તાયુક્ત સંશોધન માટે ગુજરાતમાં સ્કીમ ઓફ ડેવલપિંગહાઈ ક્વૉલિટી રિસર્ચ સ્કીમ (SHODH) યોજના અમલી છે, જે હેઠળ ગુજરાતની માન્ય સરકારી, સેક્ટોરલ કે ખાનગી યુનિવર્સિટીમાં અથવા રિસર્ચ સંસ્થાઓના પીએચડી કોર્સમાં રેગ્યુલર ફુલ ટાઈમ રિસર્ચ કરી રહેલા વિદ્યાર્થીઓને આર્થિક સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૯૨૧ વિદ્યાર્થીઓને રિસર્ચ માટે રૂ.૨૨ કરોડની આર્થિક સહાય ચૂકવવામાં આવી છે. વર્ષ ૨૦૨૩-૨૪ માટે ૨૦૦૦ વિદ્યાર્થીઓને રૂ.૪૦ કરોડની સહાય ચૂકવવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે, જેમાંથી આ વર્ષના પ્રથમ ચાર મહિનાઓમાં જ ૧૯૨૧ વિદ્યાર્થીઓને રૂ.૯.૪૦ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. આજ દિન સુધીમાં આ યોજના હેઠળ કુલ ૨૬૭૬ વિદ્યાર્થીઓને ઉચ્ચસ્તરીય રિસર્ચ માટે રૂ.૬૬.૭૮ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

## એક કરોડ ડોલરના આંકડાને પાર કરી શકે છે ભારતીય ક્રિકેટ બોર્ડ, જાણો કેવી રીતે



નવી દિલ્હી, તા.૯

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) માર્ચ ૨૦૨૮ સુધીમાં પાંચ વર્ષના ગાળામાં અલગથી ભારતની ૮૮ સ્થાનિક મેચોના ટીવી અને ડિજિટલ રાઈટ્સ વેચીને એક અબજ ડોલર (આશરે રૂા. ૮૨૦૦ કરોડ)ને પાર કરી શકે છે. નવા ગાળામાં ઓસ્ટ્રેલિયા સામે ૨૧ ઘરેલું મેચો (૫ ટેસ્ટ, ૬ વન-ડે અને ૧૦ ટી-૨૦) અને ઈંગ્લેન્ડ સામે ૧૮ મેચ (૧૦ ટેસ્ટ, ૩ વન-ડે અને ૫ ટી૨૦) છે. ભારતે કુલ ૨૫ ટેસ્ટ, ૨૭ વનડે અને ૩૬ ટી-૨૦ રમવાની છે. છેલ્લા પાંચ વર્ષના ગાળામાં (૨૦૧૮ થી ૨૦૨૩), બીસીસીઆઈને સ્ટાર ઈન્ડિયા પાસેથી ૯૪ કરોડ ૪૦ લાખ ડોલર (આશરે રૂા. ૬૧૩૮ કરોડ) મળ્યા છે, જેમાં મેચ દીઠ રૂા. ૬૦ કરોડ (ડિજિટલ અને ટીવી)નો સમાવેશ થાય છે. આ વખતે BCCI ડિજિટલ અને ટીવી અધિકારો માટે અલગ-અલગ બિડ આમંત્રિત કરશે. IPL દરમ્યાન તેણે મીડિયા અધિકારોથી ૪૮૩૯૦ કરોડ રૂપિયાની કમાણી કરી હતી જેમાં ડિજિટલ અધિકારો અને ટીવી અધિકારોનો સમાવેશ થાય છે. આઈપીએલની જેમ ઈ-ઓક્શન દ્વારા હરાજીની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. આ બિઝનેસ સાથે જોડાયેલા એક બ્રોડકાસ્ટરનું માનવું છે કે, હવે કોઈ આંકડો જણાવવો મુશ્કેલ હશે પરંતુ ડોલર અને રૂપિયાનો રેશિયો પણ ગત વખતની સરખામણીમાં બદલાઈ ગયો છે. પરંતુ ડિજિટલ અધિકારો ટીવી અધિકારો કરતાં વધુ પૈસા મેળવી શકે છે. ભારતની સ્થાનિક મેચો માટે ડિઝની, સ્ટાર મુખ્ય દાવેદાર હશે અને જો તે સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં યોજાનારી હરાજી પહેલા સોની સાથે મર્જ કરે તો ઝી બિડ કરી શકે છે. ત્રણ મહિના પછી વર્લ્ડ કપ યોજાવાનો છે અને જો ભારત જીતશે નહીં તો જાહેરાતની આવકને અસર થશે. અન્ય બ્રોડકાસ્ટરે કહ્યું, 'આ ચક્રમાં ૨૫ ઘરેલું ટેસ્ટ યોજાવાની છે. અગાઉના ચક્રને જોતા પાંચમા દિવસ સુધી કેટલીક ટેસ્ટ ચાલી છે. મોટા ભાગની મેચ ત્રણ દિવસમાં પૂરી થઈ ગઈ છે. આ પણ એક પાસું છે.

## કોલકાતાની ૨૨ વર્ષીય વિદ્યાર્થિનીનો દાવો છે કે ChatGPTના કારણે તેમની આવકમાં ૯૦ ટકા જેટલાનો ઘટાડો થયો છે




કોલકાતા તા.૯

કોલકાતાની એક ૨૨ વર્ષીય વિદ્યાર્થિનીએ હાલમાં જ શેર કર્યું કે કેવી રીતે કૃત્રિમ બુદ્ધિમત્તા ચેટબોટ ચેટજીપીટીના લોન્ચ પછીથી તેમનું જીવન સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. શરણ્યા ભટ્ટાચાર્ય પોતાની ડિગ્રીના અભ્યાસ દરમ્યાન એકક્રિએટિવ સોલ્યુશન્સ એજન્સી માટે ઘોસ્ટરાઈટર અને કોપીરાઈટર હતા. તે કેટલાક એસઈઓ અનુકુલિત લેખ પસંદ કરતા હતા અને દર મહિને ૨૪૦ ડોલરથી વધુ કમાતા હતા. જો કે આઉટલેટ મુજબ સુશ્રી ભટ્ટાચાર્યએ જણાવ્યું કે જ્યારે પાછલા વર્ષે નવેમ્બરમાં ચેટજીપીટી સામે આવ્યું તો તેમનું જીવન બદલાઈ ગયું. તેમણે ખુલાસો કર્યો કે ૨૦૨૨ના અંત સુધી તેમનો કાર્યભાર અંત પ્રતિ માસ માત્ર એક અથવા બે લેખ લખવા સુધી ઓછું થઈ ગયું અને તેમની કંપનીએ કામની અછત માટે કોઈ સ્પષ્ટીકરણ આપ્યું નથી. તેમણે દાવો કર્યો કે જે કંપનીઓ તેમને કામ સોંપતી હતી. તે એઆઈ ઉપર આધાર થવા લાગી માટે તેમને શંકા છે કે ચેટજીપીટીની શરૂઆત પડતરમાં કાપ કરવા માટે હતું. મારા કામનો ભાર ઓછો થયા પછીથી આ વાસ્તવિકતામાં મુશ્કેલ થઈ ગયું છે. ના માત્ર મારી માટે પરંતુ મારા પરિવાર માટે પણ. તેમણે જણાવ્યું કે હવે તેમનું જીવન ખૂબ જ અનિશ્ચિત છે. કારણ કે તે સંભવિત બેરોજગારીનો સામનો કરી રહી છે. આ રીતે હું અભ્યાસની સાથે સાથે પોતાની જીવિકા પણ ચલાવું છું. જ્યારે મને કામ ઓછું મળવા લાગ્યું તો હું નષ્ટ થઈ ગઈ. હું ચિંતિત છું, ગભરામણના દૌરા પડી રહ્યા છે. પાછલા કેટલાક મહિના મારી માટે સારા ન હતા. સુશ્રી ભટ્ટાચાર્યએ માનવ નિર્મિત અને એઆઈ જનીત સામગ્રીની વચ્ચે મોટા અંતર પર પ્રકાશ નાખ્યો અને કંપનીઓને આ વાત ઉપર વિચાર કરવાનો આગ્રહ કર્યો કે મોટા પાયા ઉપર નોકરીમાં કાપથી કોણ પ્રભાવિત થાય છે. ના માત્ર ભારતમાં પરંતુ સંપૂર્ણ વિશ્વમાં ઘણા બધા સારા કોપીરાઈટર છે જે તેનાથી પ્રભાવિત થઈ રહ્યા છે.

**દરેક ધંધાને માટે શોરૂમ લાયક જગ્યા વેંચવાની છે**

પંચહાટડી ચોક, માંગનાથ રોડ વિસ્તારમાં જવેલરી, રેડીમેઈડ, સાડી તથા દરેક ધંધાને માટે શોરૂમ લાયક જગ્યા ૧૪૦૦ સ્કેવર ફુટ વેંચવાની છે

મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

## કેપ્ટન રોહિત શર્માએ બિઝનેસ શરૂ કરી દીધા

### સિંગાપોર અને જાપાન પછી અમેરિકામાં પણ કેપ્ટન રોહિત શર્માએ પોતાનો બિઝનેસ શરૂ કરી દીધો છે



નવી દિલ્હી, તા.૯

ઈન્ડિયન ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્મા પોતાની ઈન્ટરનેશનલ કરિયરના અંતિમ પડાવ ઉપર પહોંચી ગયા છે. ૩૬ વર્ષીય રોહિત નિવૃત્તિ બાદ હવે પોતાના બિઝનેસ ઉપર ફોકસ કરવાનું પ્લાનિંગ કરી રહ્યો છે. તેવામાં હવે તેણે જાપાન, સિંગાપોર બાદ અમેરિકામાં પોતાની ક્રિકેટ એકેડમી ખોલી દીધી છે. અમેરિકામાં ક્રિકેટ ઘણું ઝડપથી વિકસી રહ્યું છે. ઓલિમ્પિકમાં પણ તેની ટીમ રમે એવા અણસાર જણાઈ રહ્યા છે. તેવામાં કેલિફોર્નિયામાં તેણે પોતાની ક્રિકેટ એકેડમી ખોલી દીધી છે. સિંગાપોરથી ક્રિકેટર ચેતન સૂર્યવંશી રોહિત શર્માનો બિઝનેસ પાર્ટનર છે. તેણે સોશિયલ મીડિયામાં રોહિત શર્માની સાથે ફોટોઝ શેર કર્યા હતા. જેમાં અમેરિકાની કેપ્ટનશિપ કરી ચૂકેલા સૌરભ નેત્રાવલકર પણ સામેલ હતા. રોહિત શર્માની એકેડમીનું નામ ક્રિકકિંગડમ ક્રિકેટ એકેડમી છે. આગામી વર્ષે અમેરિકા પાસે ૨૦ વર્લ્ડ કપને હોસ્ટ કરવાની તક પણ રહેલી છે. રોહિત પણ આ અંગે ઘણો ઉત્સુક છે અને કામ કરી રહ્યો છે. રોહિત શર્માની આ પહેલી ક્રિકેટ એકેડમી નથી. ભારત ઉપરાંત રોહિતની એકેડમી જાપાન અને સિંગાપુરમાં પણ છે. આ તમામ દેશો ક્રિકેટ માટે નવા છે અને તેની પ્રેક્ટિસ ત્યાં ઓછી છે. ભારતીય ટીમના ફાસ્ટ બોલર અને મુંબઈમાં રોહિત શર્માના સાથી ધવલ કુલકર્ણી મેન્ટરની ભૂમિકા ભજવે છે. જાણીતા ક્રિકેટ કોચ ડેવ વિટમોર પણ એકેડેમી સાથે જોડાયેલા છે. ભારતીય ટીમ આ મહિનાના અંતમાં શરૂ થઈ રહેલા એશિયા કપમાં ભાગ લેવાની છે. તે પહેલા રોહિત શર્મા આરામ કરી રહ્યો છે. રોહિત વેસ્ટ ઈન્ડિઝ સામેની ODI શ્રેણીની છેલ્લી બે મેચમાં પણ પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર હતો. એશિયા કપ બાદ ભારતીય ટીમ રોહિતની કેપ્ટનશીપમાં વર્લ્ડ કપ ૨૦૨૩માં પ્રવેશ કરશે. ટીમે છેલ્લે ૨૦૧૧માં વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો હતો.

## જૂની પેન્શન મુદ્દે હવે પ્રાથમિક શિક્ષક સંઘ આવેદન આપશે

અમદાવાદ, તા.૯ : રાજ્યના શિક્ષકોની જૂની પેન્શન યોજના અંગે હવે પ્રાથમિક શિક્ષક સંઘ આક્રમક બન્યું છે. સરકાર દ્વારા હજુ સુધી જૂની પેન્શન યોજના અંગે નિર્ણય ન કરાતા કાર્યવાહક સભામાં ઠરાવ કરવામાં આવ્યા હતા. જે મુજબ આગામી ૧૯ ઓગસ્ટના રોજ તાલુકા અને જિલ્લા કક્ષાએ ધારાસભ્યો, સંસદ સભ્યો અને કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવશે. ત્યારબાદ ૧૬ સપ્ટેમ્બરના રોજ થાળી વગાડી સરકારને પ્રશ્નો યાદ કરાવવામાં આવશે. પ્રાથમિક શિક્ષણ અને શિક્ષકોના હિતમાં કેટલાક ઉકેલ માંગતા પ્રશ્નો બાબતે સંયુક્ત કર્મચારી મોરચો, કર્મચારી મહામંડળ અને પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા કાર્યક્રમ આપવામાં આવ્યા હતા. સરકાર દ્વારા પ્રશ્નોના ઉકેલ માટે પાંચ મંત્રીઓની કમિટી બનાવી પડતર પ્રશ્નોના ઉકેલ-સમાધાન માટે ૨૦૨૨માં એક મીટિંગનું આયોજન કર્યું હતું, જેમાં મહદઅંશે પ્રશ્નોનો નિકાલ કરવામાં આવ્યો હતો. પરંતુ કર્મચારીઓના મહત્ત્વના બે પ્રશ્નો જેમાં ૧/૪/૨૦૦૫ પહેલા ભરતી થયેલા કર્મચારીઓ હાલ નવી પેન્શન યોજનામાં છે તેમને થયેલા સમાધાન મુજબ જૂની પેન્શન યોજનામાં સમાવવા અને ૧/૪/૨૦૦૫ પછી ભરતી થયેલા કર્મચારીઓને સમાધાન મુજબ સીપીએફમાં સરકાર દ્વારા ૧૦ ટકાના બદલે ૧૪ ટકા ફાળો ઉમેરવા બાબતના પ્રશ્ન હજુ પડતર છે. આ બે મુખ્ય પ્રશ્નોનું હજુ સુધી નિરાકરણ આવ્યું ન હોવાથી ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘની તાજેતરમાં આણંદ ખાતે કાર્યવાહક સભા મળી હતી, જેમાં પ્રશ્નોના નિરાકરણ માટે કાર્યક્રમ આપવાનો ઠરાવ કરવામાં આવ્યો છે, જેમાં ૧૯ ઓગસ્ટના રોજ તાલુકા અને જિલ્લા કક્ષાએ ધારાસભ્યો, સંસદ સભ્યો અને કલેક્ટરને આવેદનપત્ર આપવાનું નક્કી કરાયું છે.

**ભગંદર, હરસ-મસા, ફિશર**
**સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર**
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
**અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર**
**બાળકો માટે સુવર્ણપ્રાશન**
**વ્યસનમુક્તિ સારવાર**
**ડો. શ્રેયસ જી. ભાલોડિયા**
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી



**ૐ આયુર્વેદ હોસ્પિટલ**
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર,
એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ,
જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com



વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
© 95869 60167
**ધન્વંતરી** આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેક્સ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦થી ૧:૩૦, સાંજે ૫:૩૦થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

**સૌરાષ્ટ્ર ભૂમિ** દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
**રાજ ડાયનીંગ હોલ**
● સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
● જૂનાગઢ શહેરના હદયસમા કાળવા ચોકમાં
● આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
**રાજ ડાયનીંગ હોલ**
કાળવા ચોક, જૂનાગઢ.

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**



**ધીરૂભાઈ જે. સોની**
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
ગેરંટી સાથે ભેંસનું તથા ગાયનું ૧૦૦ ટકા શુધ્ધ ઘી મળશે
**વિજય ઘી ડીપો**
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
આથી ગ્રાહકજનોને અમારા નવા મોબાઈલ નંબર નોંધી લેશો
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

વિનય એન. પ્રજાપતિ મો.૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો.૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો.૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જાાવે, વારંવાર મન લલચાવે"
**: સુભાષ :**
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

**માણસો જોઈએ છે**
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

# ડો.સુભાષ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા મેગા સફાઈ અભિયાનનું ભવ્ય આયોજન

## આગામી ૭૫ વર્ષના પર્વની ઉજવણીના ભાગરૂપે જૂનાગઢના ૭૫ વિસ્તારોમાં મહા સફાઈ અભિયાન હાથ ધરાશે

જૂનાગઢ, તા.૯

સરકારના આઝાદી કા અમૃત મહોત્સવ તેમજ મેરી માટી મેરા દેશ અભિયાન અંતર્ગત ડો.સુભાષ યુનિવર્સિટી દ્વારા જૂનાગઢ શહેરમાં મહા સફાઈ અભિયાનનું આયોજન તા.૧૧ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ કરવામાં આવેલ છે. આ અભિયાનમાં ડો.સુભાષ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફગણ જૂનાગઢ શહેરના વિવિધ ૭૫ વિસ્તારમાં સફાઈ અભિયાન હાથ ધરશે. શહેરમાં વિદ્યાર્થીઓ દ્વારા સર્વે હાથ ધરી સફાઈ અભિયાન માટેના સ્થળો નકકી કરવામાં આવેલ છે અને તા.૧૧ના રોજ લોક ભાગીદારીથી આ વિસ્તારોમાં સફાઈ ઝુંબેશ હાથ ધરાશે.

આ અભિયાન દરમ્યાન લોકોને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરવામાં આવશે અને અભિયાન પૂર્ણ થયા બાદ સરકાર દ્વારા નિયત કરાયેલ મેરી માટી મેરા દેશની શપથ પણ ગ્રહણ કરાવવામાં આવશે. સાથો સાથ જે તે વિસ્તારના રહીશોને મળીને એક સર્વે પણ હાથ ધરવામાં આવશે જેમાં તેઓની શહેરને લગતી પ્રાથમિકતાઓ વિશે જાણકારી મેળવવામાં આવશે. આ સર્વેનો રિપોર્ટ મહાનગરપાલિકા કમિશ્નરને સુપ્રત કરવામાં આવશે જેથી કરીને મહાનગરપાલિકાને આગામી આયોજનામાં મદદરૂપ થઈ શકાય. આ મહા સફાઈ અભિયાનમાં ડો.સુભાષ યુનિવર્સિટીના ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને ૩૦૦થી વધુ શિક્ષકો જોડાશે. જૂનાગઢ શહેરના રહેવાસીઓનો આ વિદ્યાર્થીઓ સાથે સફાઈ અભિયાનમાં સહભાગી થઈ આ ઝુંબેશને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ જવાહરભાઈ ચાવડા, યનિવર્સિટીના પ્રમુખ રાજભાઈ ચાવડા, પ્રોવોસ્ટ ડો.દિપક પટેલ તેમજ કેમ્પસ ડાયરેકટર બી.જે. વાટલીયા દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

# આજે ૯ ઓગસ્ટ-ભારત છોડો આંદોલન દિવસ : ડો.જી.આર.ગોહિલ




ભારત છોડો આંદોલન, તે એક ચળવળ હતી જે ૯ ઓગસ્ટ ૧૯૪૨ના રોજ મહાત્મા ગાંધી દ્વારા ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના બોમ્બે સત્રમાં બીજા દરમ્યાન વિશ્વયુદ્ધ ભારતમાં બ્રિટિશ શાસનનો અંત લાવવાની માંગ સાથે શરૂ કરવામાં આવી હતી. ૮ ઓગસ્ટ ૧૯૪૨ના રોજ બોમ્બેમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના અધિવેશનમાં, મોહનદાસ કરમચંદ ગાંધીએ 'ભારત છોડો' ચળવળ શરૂ કરી. બીજા દિવસે, ગાંધી, નેહરુ અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અન્ય ઘણા નેતાઓની અંગ્રેજ સરકાર દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. ક્રિપ્સ મિશનની હાર બાદ, મુંબઈ સત્રમાં ભારત છોડો આંદોલનનો ઠરાવ અપનાવવામાં આવ્યો હતો. આ નિર્ણય અનુસાર, ભારત છોડો આંદોલને દેશની આઝાદી માટે નોંધપાત્ર અહિંસક જન આંદોલનની શરૂઆતનો સંકેત આપ્યો હતો. ભારતીય જનતાએ રાષ્ટ્રવાદ અને સ્વ-શાસનની મજબૂત ભાવના વિકસાવી હતી. યુસુફ મહેરઅલી, એક સામ્યવાદી અને મજૂર સંઘવાદી, જેમણે મુંબઈના મેયર તરીકે પણ સેવા આપી હતી, તેમણે "ભારત છોડો" સૂત્ર આપ્યું હતું. પ્રચલિત માન્યતા હોવા છતાં, મહાત્મા ગાંધીએ "ભારત છોડો" સૂત્ર આપ્યું ન હતું. યુસુફ મહેરઅલીએ કર્યું હતું. તેના આકર્ષક શબ્દસમૂહો હતા "ભારત છોડો" અને "ભારત છોડો." ગાંધીએ લોકોને "કરો અથવા મરો" સૂત્ર/સૂત્ર આપ્યું. **WWII**ની મધ્યમાં આપવામાં આવેલ ભાષણમાં ભારત માટે સ્વતંત્રતા અને લોકશાહીની સફળતા સુનિશ્ચિત કરવાના સાધન તરીકે બ્રિટિશ સંસ્થાનવાદી શાસનનો અંત લાવવાની હાકલ કરવામાં આવી હતી. ઓગસ્ટ ક્રાંતિ મેદાનમાં, ૧૯૪૨માં મહાત્મા ગાંધી દ્વારા ભારત છોડો ચળવળ શરૂ કરવામાં આવી હતી. તે ગોવાલિયા ટાંકી મેદાન તરીકે પણ ઓળખાય છે અને મધ્ય મુંબઈમાં સ્થિત છે. ૮ ઑગસ્ટ ૧૯૪૨ના રોજ, મહાત્મા ગાંધીએ ભારત છોડો ભાષણ આપ્યું જેમાં હુકમનામું હતું કે અંગ્રેજોએ તરત જ ભારત છોડવું જોઈએ નહીં તો જન આંદોલન કરવામાં આવશે.

# કોડીનાર તાલુકાના અડવી ગામે સોનું ઓગાળી છેતરપીંડી કરનાર બિહારી ઝડપાયો : પોલીસ હવાલે કરાયો

(નિરવ ગઢીયા દ્વારા)

ડોળાસા, તા.૯

કોડીનાર તાલુકાના અડવી ગામે સોનું ઉજાળી આપવાના બહાને સાડા ચાર ગ્રામ સોનું ઓગાળી લેતા અને માલિકને શંકા જતા કોડીનાર પોલીસને જાણ કરવામાં આવતા કોડીનાર પોલીસે આ શખ્સ ની અટક કરી કોડીનાર પોલીસ સ્ટેશને લઈ જવાયો હતો. ઘટનાની વિગત એવી છે કે, કોડીનાર તાલુકાના અડવી ગામના ભરતભાઈ સિદીભાઈ વાઢેર ગામ પાદરની પૂર્વ દિશામાં રહે છે. ગઈકાલે તા.૮/૮નાં રોજ સવારે દસ વાગ્યા આસપાસ એક બિહારી (જે ગુજરાતી પણ સારી રીતે જાણતો હતો જેનું નામ આધાર કાર્ડ પ્રમાણે પંકજ રાય જે બિહાર ના ભાગલપુર જિલ્લાના કદવા ગામનો વતની છે) ભરતભાઈના ઘેરે આવ્યો હતો. ત્યારે ભારતભાઈના પત્ની ભાવનાબેન પાસે આવી પ્રથમ જૂના પીત્તળના વાસણ સાફ કરી બતાવ્યા બાદ તેણે ભાવનાબેને ગાળામાં પહેરેલ સોનાનો ચેન ઉજાળવા માટે માગ્યો હતી. થોડી આના કાની બાદ ચેન ઉજાળવા માટે ભાવનાબેને આપતા આ ચેનને એસિડમાં નાખ્યો હતો. તેવામાં ભરતભાઈ આવ્યા હતા અને આ ધતિંગ બંધ કરવા જણાવ્યું હતું. ચેન હાથ માં લેતા તેનું વજન ઓછું જનતા તેને લઈ ડોળાસા સોનીની દુકાને વજન કરાવતા ચૌદ ગ્રામ થયો હતો વસ્તાવમાં આ ચેનનું વજન સાડા અઢાર ગ્રામ હતું.જેમાંથી સાડા ચાર ગ્રામ સોનું ઓગળી ગયું હતું. ભરતભાઈ વાઢેર દ્વારા કોડીનાર પોલીસમાં જાણ કરતા કોડીનાર પોલીસ દ્વારા આ શખ્સને કોડીનાર પોલીસસ્ટેશન લઈ જવાયો હતો. પોલીસે વિશેષ તપાસ હાથ ધરી છે. આવા લેભાગુઓથી બચવા અને સચેત રહેવા કોડીનાર પોલીસે લોકોને અપીલ કરી છે.

# ખંભાળિયાનું ઈલેક્ટ્રીક સ્મશાન લાંબા સમયથી બંધ : લોકોને વ્યાપક પરેશાની : તંત્રની કામગીરી સામે ઉઠતા સવાલો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૯




ખંભાળિયામાં આવેલા હિન્દુ સ્મશાનની ઈલેક્ટ્રીક ભઠ્ઠી છેલ્લા ઘણા સમયથી બંધ હોય, આનાથી થતી હાલાકી અંગે અવારનવાર તંત્ર સમક્ષ રજૂઆતો કરવામાં આવ્યા છતાં પણ લાંબા સમયથી પડતર રહેલા આ પ્રશ્નનું નિરાકરણ ન આવતા સ્મશાન યાત્રામાં આવતા લોકો સાથે પ્રબુદ્ધ નાગરિકોમાં કચવાટની લાગણી જોવા મળી રહી છે. ખંભાળિયા શહેરમાં દ્વારકા ગેઈટ વિસ્તારમાં આવેલા હિન્દુ સ્મશાનમાં આજથી આશરે ૧૦-૧૨ વર્ષ પૂર્વે લાખો રૂપિયાના ખર્ચે અદ્યતન સુવિધા વારી ઈલેક્ટ્રીક ભઠ્ઠી બનાવવામાં આવી હતી. નગરપાલિકાના તત્કાલીન પ્રમુખ દિનેશભાઈ દતાણીના સમયમાં સુવિધા સભર રૂમ તેમજ અંદ્નિતમ વિધિ માટે ઈલેક્ટ્રીક સ્મશાન તથા આ અંતિમવિધિ ઓનલાઈન (લાઈવ) જોઈ શકાય તે માટેની વાઈફાઈ સુવિધા પણ જે-તે સમયે પ્રાપ્ય બનાવવામાં આવી હતી. પરંતુ આ ઈલેક્ટ્રીક સ્મશાન ઘણા સમયથી બંધ છે. તેનું રીપેરીંગ પણ અવારનવાર કરવા છતાં આ ઈલેક્ટ્રીક ભઠ્ઠી ચાલુ થઈ શકી નથી. આ ઈલેક્ટ્રીક સ્મશાનની મશીનરી પણ બગડી ગઈ હોવાથી હાલ ચોમાસાના સમયમાં લોકોને તેમના દિવંગત સ્વજન માટે ઈલેક્ટ્રીક સ્મશાનનો લાભ મળી શકતો નથી. આ વચ્ચે ઉલ્લેખનીય છે કે અગાઉ ઈલેક્ટ્રીક સ્મશાનનો ચાર્જ રૂા.૫૦૦ હતો. જ્યારે હાલ લાકડાથી અંતિમ વિધિ કરવાનો ચાર્જ રૂા. ૧,૫૦૦ છે. જે તમામ લોકોએ ચૂકવવો પડે છે. આ વચ્ચે હાલ ચોમાસામાં લાકડા ભેજવાળા હોય ત્યારે હાલાકી બેવડાઈ જાય છે.

ઈલેક્ટ્રીક સ્મશાનમાં જાણકાર ટેકનિશિયન કે આવા કર્મચારી ના અભાવે ઈલેક્ટ્રીક સ્મશાન વારંવાર બગડી જતું હોવાનું કહેવાય છે. એટલું જ નહીં, અવારનવાર રીપેરીંગમાં પણ લાખો રૂપિયા ચૂકવાયા છે. પરંતુ ઈલેક્ટ્રીક સ્મશાનની સેવાઓ હાલ લઈ શકાતી નથી. ત્યારે ઈલેક્ટ્રીક સ્મશાન શરૂ થવા માટે ક્યુ ગ્રહણ નડે છે તેવો પ્રશ્ન નગરજનોમાં પૂછાઈ રહ્યો છે.

# અંતરિક્ષમાં ૮૪૦૦ ટન કચરો, પૃથ્વી ઉપર તબાહીની શક્યતા

નવી દિલ્હી, તા.૯

કચરાની સમસ્યા ફકત પૃથ્વી પર જ નહીં પરંતુ અંતરિક્ષમાં પણ વધતી જઈ રહી છે. પૃથ્વીની કક્ષામાં માનવીએ બનાવેલી અનેક કૃત્રિમ વસ્તુઓ સમય અને ઉદ્દેશ્ય પૂરો થયા બાદ જ હજુ અંતરિક્ષમાં ફરી રહી છે. નાસાએ જણાવ્યું કે આશરે ૮૪૦૦ ટન કચરો અંતરિક્ષમાં થઈ ગયો છે. જેમાં મોટાભાગે ૧૮ હજારથી લઈને ૨૮ હજાર માઈલ્સ પ્રતિ કલાકની ઝડપે પૃથ્વીની કક્ષામાં ફરે છે. જો તેમાંથી એક પણ ઓબ્જેક્ટ પૃથ્વી પર ક્યાંક પડશે તો તે ભારે તબાહી મચાવી શકે છે.



વૈજ્ઞાનિકોએ જણાવ્યું કે રોકેટ સ્ટેજ જે અંતરિક્ષમાં પહોંચીને સેટેલાઈટ લોન્ચ કર્યા બાદ ત્યાં જ રહી ગયા છે. રોકેટના આગળના કોન, પેલોડના કવર, બોલ્ટ્સ અને મહદઅંશે ભરાયેલી ફ્યૂઅલટેક, બેટરી અને લોન્ચિંગ સંબંધિત અન્ય હાર્ડવેર અંતરિક્ષમાં કાટમાળ તરીકે હાજર છે. નાસાના જણાવ્યાનુસાર અંતરિક્ષમાં હાલના સમયે ૨૦ હજારથી પણ વધુ નાના-મોટાં ઉપકરણો કચરો બની ગયા છે અને પૃથ્વીની નીચલી કક્ષામાં ચક્કર લગાવી રહ્યા છે. નાસાના જણાવ્યા અનુસાર, અંતરિક્ષ કાટમાળને ટ્રેક કરવાની ક્ષમતામાં સુધારાથી સેટેલાઈટ ઓપરેટિંગ અને માનવ અંતરિક્ષ મિશનના જોખમોને ઘટાડવામાં મદદ મળી શકે છે. અંતરિક્ષમાં હાલના સમયે રશિયાના ૭૦૩૨, અમેરિકાના ૫૨૧૬, ચીનના ૩૮૫૪, ફ્રાન્સના ૫૨૦, જાપાનના ૧૧૭ અને ભારતના ૧૧૪ સેટેલાઈટ અને રોકેટ્સ છે. તે ૧થી ૧૦ સેમી જેટલાં આશરે ૫ લાખથી વધુ સ્પેસ જંક છે. આ કાટમાળમાં સતત વધારો થશે કેમ કે અંતરિક્ષ ઉદ્યોગ ઝડપથી વિકસી રહ્યો છે.

નાસાના અહેવાલ અનુસાર ભારતના ૨૦૬ ટુકડાં છે. તેમાં ૮૯ ટુકડા પેલોડ અને ૧૧૭ ટુકડા રોકેટના છે. જોકે ભારતથી લગભગ ૨૦ ગણો વધુ કાટમાળ ચીનનો છે. તેના લગભગ ૩,૯૮૭ ટુકડા અંતરિક્ષમાં ફરી રહ્યા છે. આ ઓબ્જેક્ટ ૦.૧૧ સેમથી અનેક મીટરના હોઈ શકે છે. જો એક પણ ઓબ્જેક્ટ ક્યાંક પડશે તો ભારે તબાહી મચાવી શકે છે. એકવાર વપરાતા રોકેટની જગ્યાએ ફરી ઉપયોગમાં લેવાતા લોન્ચ વ્હિકલ્સનો ઉપયોગ કરવાથી પેદા થતાં નવા કાટમાળની માત્રાને ઘટાડવામાં મદદ મળી શકે છે. તેના માટે સામગ્રી અને ડિઝાઈનમાં સુધારો કરવાની જરૂર છે. વધારે ટકાઉ સામગ્રીઓનો ઉપયોગ કચરાની માત્રાને ઘટાડશે. ઈસરો પણ અંતરિક્ષ પર્યાવરણ પર વધતી અંતરિક્ષ કાટમાળની અસરને લઈને અભ્યાસ કરી રહી છે.

# સોમનાથ મંદિરથી માત્ર પાંચસો મીટર દુર દિપડો ઝળકયો

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૯



વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરથી અંદાજે ૫૦૦ મીટર દુર નજીક આવેલ વેણેશ્વર સોસાયટી વિસ્તારમાં ગઈરાત્રીએ દિપડો ઝળકયો હતો. સોમનાથ ટ્રસ્ટના વેણેશ્વર મંદિરથી બાયપાસાનો જોડતા રસ્તા ઉપર આવેલ સોમનાથ મંદિરનો સ્ટોર અને ડમ્પીંગ હાઉસ પાસે ગત રાત્રે ૯:૪૫ કલાકે દિપડો ઘુસી રાજુભાઈ કોડીયાતરના મકાન તરફ કે જયાં છથી સાત ગાયો બાંધેલ હતી તે તરફ જતો જોવા મળતા સોમનાથ ટ્રસ્ટ ચોકીદારે લોકોને ચેતવાતા કાંઈ નુકશાની થઈ નથી. ડમ્પીંગ હાઉસના કુવા પાસે બેઠેલો આ દિપડો સીસી ટીવીમાં કેદ થયેલ છે. રાજુભાઈ રબારીએ જણાવ્યું કે, મારે છથી સાત ગાયો છે ઉપરાંત દિપડાના અવર જવર વાળો જાહેર રસ્તાથી સોમનાથ આવતા યાત્રિકો અનો વાહનો પસાર થાય છે માટે સલામતી માટે વન વિભાગ અને સોમનાથ ટ્રસ્ટ પગલા ભરવા જોઈએ.

# ટીવીએસ સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિમિટેડનો આઈપીઓ આવતીકાલ ૧૦ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ખૂલશે

## ટીવીએસ સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિમિટેડના દરેક રૂા. ૧ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર દીઠ રૂા. ૧૮૭થી રૂા.૧૯૭ પ્રતિ ઈક્વિટી શેર ઉપર પ્રાઈસ બેન્ડ નક્કી કરવામાં આવી છે.

અમદાવાદ, તા.૯

ટીવીએસ સપ્લાય ચેઈન સોલ્યુશન્સ લિમિટેડે ("કંપની") આવતીકાલ ગુરૂવાર, ૧૦ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ તેની ઈક્વિટી શેર્સની આઈપીઓ ("ઓફર") રજૂ કરવાની દરખાસ્ત કરી છે. એક્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ બિડ/ઓફર શરૂ થવાની એક કાર્યકારી દિવસ પહેલાની છે, એટલે કે, બુધવાર, ઓગસ્ટ ૦૯, ૨૦૨૩. બિડ/ઓફરની અંતિમ તારીખ સોમવાર, ઓગસ્ટ ૧૪, ૨૦૨૩ રહેશે.

ઓફરનો પ્રાઈસ બેન્ડ રૂા. ૧૮૭ પ્રતિ ઈક્વિટી શેરથી રૂ. ૧૯૭ પ્રતિ ઈક્વિટી શેર નક્કી કરવામાં આવ્યો છે. બિડ ઓછામાં ઓછા ૭૬ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૭૬ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાય છે.

આ ઓફરમાં રૂા. ૬,૦૦૦ મિલિયન ("ફ્રેશ ઈશ્યૂ") સુધીના એટલા જ ઈક્વિટી શેરના નવા ઈશ્યૂનો સમાવેશ થાય છે અને ૧,૪૨,૧૩,૧૯૮ ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફર, જેમાં ઓમેગા ટીસી હોલ્ડિંગ્સ પીટીઈ લિમિટેડ દ્વારા ૧,૦૭,૩૪,૫૬૫ ઈક્વિટી શેર, તાતા કેપિટલ ફાઈનાન્શિયલ સર્વિસીઝ લિમિટેડ દ્વારા ૯,૮૪,૮૨૩ ઈક્વિટી શેર્સ, કોટક સ્પેશિયલ સિચ્યુએશન્સ ફંડ દ્વારા ૧,૦૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર્સ અને ટીવીએસ મોટર કંપની લિમિટેડ (સંયુક્તપણે, ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર) અને રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસના પરિશિષ્ટ એ હેઠળ નિર્ધારિત અમુક અન્ય વેચાણ કરતા શેરધારકો ("અન્ય વેચાણકર્તા શેરધારકો") દ્વારા ૨૨,૯૩,૮૧૦ ઈક્વિટી શેર સુધીનો સમાવેશ થાય છે. ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર્સ અને અન્ય સેલિંગ શેરહોલ્ડર્સને સામૂહિક રીતે "સેલિંગ શેરહોલ્ડર્સ" તરીકે અને સેલિંગ શેરધારકો દ્વારા વેચાણ માટેની આવી ઓફર, "વેચાણ માટેની ઓફર" તરીકે ઓળખવામાં આવે છે.

આ ઓફર સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સના રેગ્યુલેશન ૩૧ સાથે વાંચેલા એસસીઆરઆરના નિયમ ૧૯(૨)(બી)ના સંદર્ભે કરવામાં આવી રહી છે. આ ઓફર સેબી આઈસીડીઆર રેગ્યુલેશનના રેગ્યુલેશન ૬(૨) અનુસાર બુક બિલ્ડીંગ પ્રક્રિયા દ્વારા કરવામાં આવી રહી છે જેમાં ઓફરનો લઘુત્તમ ૭૫% ભાગ લાયકાત ધરાવતા સંસ્થાકીય ખરીદદારો ("કચુઆઈબી") ("ક્યુઆઈબી ભાગ"), ને પ્રમાણસર ધોરણે ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે, એ શરતે કે અમારી કંપની અને વેચાણકરતા શેરધારકો બીઆરએલએમ સાથે પરામર્શ કરીને ક્યુઆઈબી ભાગના ૬૦% સુધીનો હિસ્સો એક્કર ઈન્વેસ્ટર્સને વિવેકાધીન ધોરણે ("એક્કર ઈન્વેસ્ટર ભાગ") ફાળવી શકે છે. એન્કર ઈન્વેસ્ટરનો એક તૃતીયાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ માટે આરક્ષિત રહેશે, જે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ તરફથી સેબી આઈસીડીઆર નિયમનો અનુસાર એક્કર ઈન્વેસ્ટર ફાળવણી કિંમત પર અથવા તેનાથી ઉપર પ્રાપ્ત થતી માન્ય બિડ્સને આધિન રહેશે. એક્કર ઈન્વેસ્ટર પોર્શનમાં અંડર-સબસ્ક્રિપ્શન અથવા નોન-એલોકેશનના કિસ્સામાં, બાકીના ઈક્વિટી શેર્સ ક્યુઆઈબી પોર્શન (એક્કર ઈન્વેસ્ટર પોર્શન સિવાય) ("નેટ ક્યુઆઈબી પોર્શન")માં ઉમેરવામાં આવશે.

વધુમાં નેટ ક્યુઆઈબી ભાગનો ૫% માત્ર મ્યુચ્યુઅલ ફંડ્સને પ્રમાણસર ધોરણે ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે અને બાકીનો કુલ ક્યુઆઈબી ભાગ મ્યુચ્યુઅલ ફંડ્સ સહિત તમામ ક્યુઆઈબીને પ્રમાણસર ધોરણે ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે, એ શરતે કે માન્ય બિડ્સ ઓફર કિંમત ઉપર અથવા તેનાથી વધુ પ્રાપ્ત થઈ હોય. જો કે, જો મ્યુચ્યુઅલ ફંડની કુલ માંગ નેટ ક્યુઆઈબી ભાગના ૫% કરતા ઓછી હોય, તો મ્યુચ્યુઅલ ફંડના ભાગમાં ફાળવણી માટે ઉપલબ્ધ બાકીના ઈક્વિટી શેર્સ ક્યુઆઈબીને પ્રમાણસર ફાળવણી માટે બાકીના નેટ ક્યુઆઈબી ભાગમાં ઉમેરવામાં આવશે.




વધુમાં, (અ) ઓફરના ૧૫%થી વધુ બિન-સંસ્થાકીય રોકાણકારોને ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે નહીં (જેમાંથી એક તૃતીયાંશ રૂા. ૦.૨ મિલિયનથી વધુ અને રૂા. ૧ મિલિયન સુધીની બિડ કરનારા બિડર્સ માટે અનામત રહેશે અને બે તૃતીયાંશ રૂ. ૧ મિલિયનથી વધુની બિડ કરનારા બિડર્સ માટે અનામત રહેશે) અને (બ) ઓફરનો મહત્તમ ૧૦% ભાગ સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ અનુસાર રિટેલ વ્યક્તિગત રોકાણકારો ('આરઆરઆઈ') ને ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે, એ શરતે કે તેમની પાસેથી ઓફર કિંમત પર અથવા તેનાથી વધુ રકમની માન્ય બિડ્સ પ્રાપ્ત થાય.

એન્કર ઈન્વેસ્ટર્સ સિવાયના તમામ સંભવિત બિડર્સે, તેમના સંબંધિત છજીમ્છ એકાઉન્ટ (ત્યારબાદ વ્યાખ્યાયિત કર્યા મુજબ) અને યુપીઆઈના કિસ્સામાં યુપીઆઈ આઈડીની વિગતો આપીને બ્લોક કરેલ રકમ ("**ASBA**") દ્વારા સમર્થિત એપ્લિકેશન દ્વારા ઓફરમાં ભાગ લેવો ફરજિયાત છે. બિડર્સ (ત્યારબાદ વ્યાખ્યાયિત), જે સેલ્ફ સર્ટિફાઈડ સિન્ડિકેટ બેંકો ("એસસીએસબી") અથવા સ્પોન્સર બેંકો દ્વારા, જે તે કિસ્સામાં, તેમની સંબંધિત બિડની રકમની મર્યાદા સુધી બ્લોક કરવામાં આવશે. એક્કર ઈન્વેસ્ટર્સને **ASBA** પ્રક્રિયા દ્વારા એન્કર ઈન્વેસ્ટર પોર્શનમાં ભાગ લેવાની પરવાનગી નથી.

રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરવામાં આવતા ઈક્વિટી શેરને બીએસઈ લિમિટેડ ("બીએસઈ") અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("એનએસઈ", બીએસઈની સાથે, "સ્ટોક એક્સચેન્જીસ") બંને ઉપર લિસ્ટિંગ કરવાની દરખાસ્ત છે. જેએમ ફાઈનાન્શિયલ લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ, જે.પી. મોર્ગન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, બીએનપી પારિબા, નુવામા વેલ્થ મેનેજમેન્ટ લિમિટેડ (અગાઉ એડલવાઈસ સિક્યોરિટીઝ લિમિટેડ તરીકે ઓળખાતી) અને ઈક્વિરસ કેપિટલ પ્રાઈવેટ લિમિટેડ ઓફર માટે બુક રનિંગ લીડ મેનેજર્સ છે.

# કોડીનાર તાલુકાના ડોળાસા ગામની કન્યાશાળાની કૃતિનો વિચાર : ગુજરાત સરકારે અમલમાં મૂક્યો

(નિરવ ગઢીયા દ્વારા)

ડોળાસા તા.૮

કોડીનાર તાલુકાના ડોળાસા ગામ ની કન્યા શાળા દ્વારા એક ટ્રાફિક પ્રોજેક્ટ ૨૦૧૮ માં પ્રાથમિક કક્ષા ના વિજ્ઞાન મેળા માં રજુ કર્યો હતો.જે કૃતિ નો વિચાર ટ્રાફિક સમસ્યા નિવારવા ઘણોજ ઉપિયોગી સાબિત થશે. આ વિચાર ને ગુજરાત સરકાર દ્વારા અમદાવાદ ખાતે થી અમલ માં મૂક્યો છે.જે ડોળાસા કન્યા શાળા ડોળાસા ગામ કોડીનાર તાલુકાના અને સોમનાથ જિલ્લા માટે ગૌરવ ની વાત છે.

ડોળાસા ગામની કન્યા શાળા ની વિદ્યાર્થીની અક્ષિતાબેન હમીરભાઈ ડોડીયા એ ૨૦૧૮ નાં તાલુકા કક્ષા ના વિજ્ઞાન મેળા માં " સેફ્ટી બમ્પ " ના નામ થી કૃતિ રજુ કરી હતી.જે કૃતિ રાજ્ય કક્ષાએ પહોંચી નહતી

બાદ આ જ કૃતિ ૨૦૨૨ માં દિલ્હી ખાતે " ઈન્સ્પાયાર માનાંક" ખાતે થોડા સુધારા સાથે રજૂ કરી હતી.ત્યારે આ કૃતિ ના સર્જક હતા !! ડોડીયા અર્પિતાબેન કિશોરભાઈ અને બંને વખતે માર્ગદર્શક શિક્ષક હતા વિજ્ઞાન યોગેશભાઈ ડોડીયા હતા.જે કૃતિ ને સન્માન અને પુરસ્કાર બંને આપવા માં આવ્યા હતા.આ કૃતિ નો સુંદર વિચાર જે મોટા શહેર માં ટ્રાફિક સમસ્યા હળવી કરવા માં મદદ રૂપ થાય તેમ હોય ગુજરાત સરકાર ના પોલીસ વિભાગ ના ટ્રાફિક પોલીસ ના વડા દ્વારા નોંધ લેવાઈ હતી.આ કૃતિ નો મૂળ વિચાર એ હતો કે મોટા કે નાના શહેર માં વાહન ચાલકો ખાસ કરી ને બાઈક ચાલકો ઝડપ થી પહોંચવા રોંગ સાઈડ ઘૂસી અકસ્માતો ને ખુલ્લું નિમંત્રણ આપે છે અને આ કારણે અનેક લોકોએ જીવ પણ ગુમાવ્યા છે.જો આ "સલામત" બમ્પ (સપ્ટી બમ્પ)નો અમલ કરવામાં આવે તો અકસ્માતો નિવારી શકાય છે.જો આ કૃતિ પ્રમાણે કોઈ બાઈક કે કાર ચાલક રોંગ સાઈડ માં થી વાહન ચલાવે તો સેફ્ટી બમ્પ ની અંદર રાખેલા ખીલા ઓ ખીલ્લી જાય છે અને વિરૂદ્ધ દિશા માં ચાલતા વાહન ચાલક ના વાહન માં પંચર પડી જાય છે. આજ વિચાર સાથે ગુજરાત ના અમદાવાદ ખાતે ટ્રાફિક પોલીસ દ્વારા " કિલર બમ્પ " નામ આપવા આવ્યું છે. જેમાં વિરૂદ્ધ દિશામાં ચાલતા વહોનો આ બંપ ઉપર ચડી એટલે ધારદાર ખીલાઓ ટાયર માં ખૂચી જાય છે.અને પંચર પડી શકે છે અને ટાયર પણ કપાઈ શકે છે .જેથી વાહન ચાલકો વિરૂદ્ધ દિશામાં ચાલવા નુંટાળે છે જેથી અકસ્માત માં આપો આપ ઘટાડો થાય છે.

તાજેતર માં દેશ ભર માં પ્રથમ વાર આ વિચાર ને અમદાવાદ ખાતે અમલ માં મુકાયો છે.આમ પણ કોઈ પણ નવતર પ્રયોગ ના અખતર ગુજરાત માં જ કરવા માં આવે છે.તેપ્રમાણે રીંગ દિશા માં ચાલતા વાહનો ના ટાયર પણ કપાઈ જવા ની શક્યતા રહેલી છે.જો અમદાવાદ ખાતે આ પ્રયોગ સફળ થશે તો ગુજરાત ના બીજા શહેરો માં તેનો અમલ થશે.બાદ દેશ ભરમાં આમ ડોળાસા ગામ ની કન્યા શાળા ની આકૃતિ ટ્રાફિક સમસ્યા અને અકસ્માત નિવારવા માં ઉપિયોગી થશે તેવો વિશ્વાસ આ કૃતિ ના સર્જકે કર્યો છે

## જૂનાગઢમાં ઈંગ્લીશ દારૂના ૪૮ ચપટા ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢ એ ડીવીઝન પોલીસે ગઈકાલે નીચલા દાતાર રોડ ઉપર નવા બનેલ પુલ નીચેથી સાજીદ ઉર્ફે કટપ્પા અમીનભાઈ શેખ(ઉ.વ.૨૨)ના રહેણાંક મકાનેથી સુફરની થેલીમાં પુઠાના બોકસમાં રાખેલ ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂના પ્લાસ્ટીકના ચપટા નંગ-૪૮ રૂા.૪૮૦૦ના મુદ્દામાલ સાથે આરોપીની ધરપકડ કરી તેના વિરૂધ્ધ પ્રોહિબિશન હેઠળ ગુનો દાખલ કરેલ છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આજથી ‘‘મારી માટી, મારો દેશ’’ અભિયાનનો પ્રારંભ

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં સમગ્રદેશમાં "આઝાદી કા અમૃત મહોત્સવ"ની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે આ વર્ષની ઉજવણીની થીમ માટી સાથે સંકળાયેલી છે.

"મારી માટી, મારો દેશ" અભિયાન અંતર્ગત સમગ્ર દેશ માતૃભૂમિને વંદન કરશે સાથે સાથે માતૃભૂમિ માટે પ્રાણ ન્યોછાવર કરનારા વીરોની વંદના કરશે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ આજથી ’મારી માટી, મારો દેશ’ ’માટીને નમન, વીરોને વંદન’ અભિયાનનો પ્રારંભ થશે. જેમાં ગ્રામ્ય કક્ષાએ, નગરપાલીકા કક્ષાએ તેમજ તાલુકા કક્ષાએ વિવિધ કાર્યક્રમો યોજાનાર છે.

જેમાં આજરોજ જિલ્લાની ૬૧ ગ્રામ પંચાયતમાં કાર્યક્રમો યોજાશે. જેમાં ખંભાળિયા તાલુકાની ૨૨ ગ્રામ પંચાયતો, ભાણવડ તાલુકાની ૧૬, કલ્યાણપુર તાલુકાની ૧૧ તેમજ દ્વારકાની ૧૨, ત્યારબાદ ગુરુવાર તારીખ ૧૦ ના રોજ ખંભાળિયા તાલુકાની ૨૨ ગ્રામ પંચાયતો, ભાણવડ તાલુકાની ૧૬, કલ્યાણપુર તાલુકાનાની ૧૧ તેમજ દ્વારકાની ૧૨ ગ્રામ પંચાયત, તા. ૧૧ના રોજ ખંભાળિયા તાલુકાની ૨૨ ગ્રામ પંચાયતો, ભાણવડ તાલુકાની ૧૪, કલ્યાણપુર તાલુકાની ૩ તેમજ દ્વારકાની ૧૧ ગ્રામ પંચાયત, તા. ૧૪ ના રોજ ખંભાળિયાની ૨૦, કલ્યાણપુરની ૧૫ તેમજ દ્વારકાની ૫ ગ્રામ પંચાયત તથા તા. ૧૫ના રોજ ભાણવડ તાલુકાની ૮ ગ્રામ પંચાયતો અને કલ્યાણપુર તાલુકાની ૨૦ ગ્રામ પંચાયતોમાં "મારી માટી મારો દેશ" અંતર્ગત કાર્યક્રમો યોજાશે.

નગરપાલિકા કક્ષાના કાર્યક્રમ ખંભાળિયામાં ગુરૂવાર તારીખ ૧૦ ના રોજ ઘી ડેમ વિસ્તારમાં આવેલા આનંદબાગ ખાતે, તથા સલાયા નગરપાલિકા વિસ્તારનો કાર્યક્રમ યોજાશે. જ્યારે તા. ૧૧ ના રોજ ઓખા નગરપાલિકા વિસ્તારનો સનસેટ પોઈન્ટ ખાતે, દ્વારકા વિસ્તારમાં પણ સનસેટ પોઈન્ટ ખાતે, ભાણવડ વિસ્તારનો ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર બાજુમાં તથા જામ રાવલ નગરપાલિકા વિસ્તારનો નીલકંઠ મહાદેવ મંદિર પાસે યોજાશે.

ગ્રામ્ય કક્ષાએ તથા નગરપાલિકા કક્ષાએ કાર્યક્રમો યોજાયા બાદ તાલુકા કક્ષાના કાર્યક્રમ યોજાશે. જેમાં તા. ૧૮ ના રોજ ખંભાળિયા તાલુકાનો ઘી ડેમ પાસેના "આનંદ બાગ" ખાતે, ભાણવડ તાલુકાનો તાલુકા પંચાયત કચેરી ખાતે, કલ્યાણપુર તાલુકાનો નીલકંઠ મહાદેવ મંદિર પાસે તેમજ ઓખામંડળ (દ્વારકા) તાલુકાનો દ્વારકામાં સનસેટ પોઈન્ટ ખાતે યોજાશે.

# દેવભૂમિ દ્વારકા જીલ્લામાં દસ સ્થળોએ જુગાર દરોડામાં ૨૯ શખ્સો ઝડપાયા : બે ફરાર

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ પોલીસ તંત્ર દ્વારા જુદા જુદા વિસ્તારોમાં રમાતા જુગાર સામે કડક હાથે કામગીરી હાથ ધરી છે. મીઠાપુરથી આશરે આઠ કિલોમીટર દૂર આવેલા મોજપ ગામે રહેતા કરમણભા રાયધરભા માણેકના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં દરોડો પાડી, ઉપરોક્ત શખ્સ દ્વારા નાલ ઉઘરાવીને ચલાવતા જુગારધામમાંથી કરમણભા રાયધરભા માણેક સાથે ગાંગાભા ડોસાભા ભગાડ અને અજયભા ભાવુભા હાથલ નામના કુલ ત્રણ શખ્સોની અટકાયત કરી રૂ. ૧૬,૦૭૦ ની રોકડ સહિતનો મુદ્દામાલ કબજે લીધો હતો. આ દરોડા દરમિયાન બબાભા સવાભા હાથલ અને વાઘાભા દેવાભા કુંભાણી નામના બે શખ્સો ફરાર થઈ ગયા હોવાનું જાહેર થયું છે. જે અંગે પોલીસે જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે. કલ્યાણપુર તાલુકામાં નવનિયુક્ત પી.એસ.આઈ. યુ.બી. અખેડ દ્વારા કરવામાં આવેલી દારૂ-જુગાર સામેની સધન કામગીરીમાં તાલુકાના લાંબા ગામે આવેલા એક મંદિર પાસે રાત્રિના આશરે સવા બાર વાગ્યાના સવારે ટોર્ચબતીના અજવાળે જુગાર રમી રહેલા રમેશ આલા કરમટા, રમજાન હમીદ બાલાગમીયા, પાંચા રાજા કરમટા, કારૂ ધરણાત ચેતરીયા, વજા રાણા ચેતરીયા અને બાબા પાલા ચેતરીયા નાના છ શખ્સોને ઝડપી લઈ, રૂપિયા ૧૦,૬૮૦ રોકડા તથા રૂપિયા ૮,૫૦૦ ની કિંમતના ત્રણ નંગ મોબાઈલ ફોન મળી, કુલ રૂપિયા ૧૯,૨૮૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ ઉપરાંત કલ્યાણપુર તાલુકાના જેપુર ગામે રાત્રિના પોણા ત્રણેક વાગ્યાના સમયે પોલીસે જુગાર દરોડો પાડી, રામ સીયા ગોરાણીયા, વેજા રણમલ અમર અને વેજા પુંજા અમર નામના ત્રણ શખ્સોને ઝડપી લઈ, રૂપિયા ૧૨,૬૨૦નો મુદ્દામાલ, જ્યારે કલ્યાણપુર તાલુકાના ડાંગરવડ ગામેથી મધરાત્રિના સમયે પોલીસે જુગાર રમતા ત્રણ ઈસમો વેજા અરભમ અમર, સાજણ સુરા કારાવદરા અને વિજય મુંજા કારાવદરાને ઝડપી લઈ, રૂપિયા રૂ. ૧૧,૧૨૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

ખંભાળિયાના સંજયનગર વિસ્તારમાંથી રાણા પાલા માતંગ, રવિરાજસિંહ પ્રવિણસિંહ હાલુભા ગોહિલ અને લગધીર જેસા ભાન નામના ત્રણ શખ્સો સ્ટ્રીટ લાઈટના અજવાળે પત્તા ફૂટતા મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા હતા. ભાણવડના વિજયપુર રોડ પરથી પોલીસે શબીર ઓસમાણ લંઘા, રજાક સુલેમાન હિંગોરા, ઈમરાન અબ્દુલ લંઘા અને અબુ અલારખા લંઘા નામના ચાર શખ્સો અને રૂપિયા ૨,૩૮૦ ના મુદ્દામાલ સાથે જ્યારે દ્વારકાના આવળપરા વિસ્તારમાંથી નીરજ પારસ બીક, રાકેશ આશારામ થારુ, વિમલ સૌને થારુ અને સંતોષ દહલું થારુ નામના ચાર શખ્સોને જુગાર રમતા ઝડપી લઈ, ગુનો નોંધ્યો હતો. ઓખાના ગાંધીનગરી વિસ્તારમાંથી પોલીસે બર્માસલ ક્વાર્ટર વિસ્તારમાં રહેતા ઈમરાન ઈશાક ચૌહાણ (ઉ.વ. ૨૫) ને અને દ્વારકાના નરસંગ ટેકરી વિસ્તારમાંથી પોલીસે માનસંગભા નંઢાભા માણેક (ઉ.વ. ૫૮) નામના બે વરલી મટકાનો જુગાર રમતા તેમજ દ્વારકાના ટીવી સ્ટેશન વિસ્તારમાંથી રમણીક પરસોતમ સોલંકી અને ધર્મેશ પરસોતમ રાઠોડ નામના બે શખ્સોને ચલણી નોટોના નંબર ઉપર એકી-બેકીનો જુગાર રમતા મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

# ખંભાળિયાના વધુ એક આશાસ્પદ યુવાનનું હૃદયરોગના કારણે અપમૃત્યુ

## અગ્રણી પુત્રના નિધનથી શહેરમાં શોકનું મોજુ



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯

ખંભાળિયાના જાણીતા ઉદ્યોગપતિ અને પ્રજાપતિ સમાજના અગ્રણી સ્વ. મેઘજીભાઈ નરશીભાઈ ટાકોદરાના પુત્ર ચેતનભાઈ (ઉ.વ. ૩૭) નું ગઈકાલે મંગળવારે હૃદયરોગના કારણેના હુમલાના કારણે મૃત્યુ નીપજતા સમગ્ર શહેરમાં ભારે શોક સાથે અરેરાટી પ્રસરી જવા પામી છે.

ખંભાળિયા શહેર ભાજપના ઉપપ્રમુખ ધીરુભાઈ ટાકોદરાના ભત્રીજા ચેતનભાઈ (ગજાનન વારા) ને ગઈકાલે મંગળવારે વહેલી સવારે છાતીમાં દુખાવો ઉપાડતા તેમને તાકીદે સારવાર અર્થે અહીંની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા.

ચેતનભાઈ પ્રજાપતિના અકાળે નિધનથી તેમની એક માસુમ પુત્રી તેમજ પરિવારજનો સાથે સમગ્ર વરીયા પ્રજાપતિ સમાજમાં આક્રંદ સાથે કરુણતા પ્રસરી જવા પામી છે. ગતસાંજે તેમની અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં નગરજનો, રાજકીય તેમના સામાજિક આગેવાનો જોડાયા હતા. ખંભાળિયા સહિત જિલ્લામાં નાની વયના યુવાનોના વધતા મૃત્યુદરના કારણે લોકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

## કેશોદના સોંદરડા ગામે જુગાર દરોડો : ત્રણ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

કેશોદ પોલીસે સોંદરડા ગામે જુગાર અંગે દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતા ત્રણ શખ્સોને રૂા.૨૧૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે.

## શીલ પંથકમાં જુગાર દરોડો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

શીલ પંથકના ચીંગારીયા ગામે શીલ પોલીસે જુગાર અંગે દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતા સાત શખ્સોને કુલ રૂા.૧૭૧૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.


ગુજરાત સરકાર

૯મી ઓગસ્ટ ૨૦૨૩ નિમિત્તે ગુજરાત રાજ્યના આદિવાસી બાંધવોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ





વિશ્વ આદિવાસી દિવસ ૨૦૨૩

નિમિત્તે માન. મુખ્યમંત્રીશ્રીના હસ્તે ₹ ૧૦૦૦ કરોડથી વધુ રકમના કામોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત તેમજ વ્યક્તિલક્ષી યોજનાઓ અંતર્ગત સહાય વિતરણ

વનબંધુ કલ્યાણ યોજના-૧ હેઠળ છેલ્લા દોઢ દાયકામાં ₹ ૧ લાખ કરોડથી પણ વધુ રકમના થયા વિકાસલક્ષી કામો.

ગુજરાત સરકારે વનબંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ ₹ ૧ લાખ કરોડ પૈકી વર્ષ ૨૦૨૧-૨૨થી ૨૦૨૩-૨૪ માટે અંદાજિત ₹ ૪૭ હજાર કરોડની જોગવાઈ કરી છે.

આદિજાતિ વિસ્તારના ઉત્કર્ષ માટે આગામી બે નાણાકીય વર્ષમાં અંદાજિત ₹ ૫૦ હજાર કરોડથી વધુ કરાશે જોગવાઈ.

- ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં “પ્રધાનમંત્રી PVTG ડેવલપમેન્ટ મિશન” હેઠળ આગામી ત્રણ વર્ષમાં ₹ ૧૫ હજાર કરોડની જોગવાઈનું આયોજન.
- આદિમજૂથના લોકોના સર્વાંગી વિકાસ માટે પાયાની સુવિધાઓ પૂરી પાડવા મુખ્યમંત્રી આદિમજૂથ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ₹ ૬૦ કરોડની જોગવાઈ.
- આદિમજૂથના લોકોના સર્વાંગી વિકાસ માટે પાયાની સુવિધાઓ પૂરી પાડવા મુખ્યમંત્રી હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪માં ₹ ૬૫.૭૧ કરોડની જોગવાઈ.
- મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ રાજ્યના ૪૯૫ સરહદી ગામોના સર્વાંગી વિકાસ માટે માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા વર્ષ ૨૦૨૩-૨૪માં ₹ ૧૦૦ કરોડની જોગવાઈ.
- મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના અંતર્ગત મંજૂર થયેલ દાવેદારોની જમીનના વિકાસ, ઉત્પાદકતા, આજીવિકાના સાધનો પૂરી પાડવા માટે વર્ષ ૨૦૨૩-૨૪માં ₹ ૫૦ કરોડની જોગવાઈ.
- આદિજાતિ વિકાસ વિભાગ સંચાલિત ૮ શાળાઓ અને ૨૦ છાત્રાલયોના સુવિધાયુક્ત મકાન બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ₹૧૨૦ કરોડની જોગવાઈ.
- આદિજાતિ પરિવારોનો આર્થિક ઉત્કર્ષ થાય તે માટેની હોમ સ્ટે યોજના માટે ₹ ૯ કરોડની નવી બાબત હેઠળ જોગવાઈ.
- પ્રતિ વર્ષ ૧૭ લાખ વિદ્યાર્થીઓ માટે ₹ ૮૦૦ કરોડની શિષ્યવૃત્તિ અને ગણવેશ યોજનાના લાભો માટે જોગવાઈ.
- આદિજાતિ વિકાસ વિભાગ સંચાલિત શાળાઓ અને છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા ૨ લાખથી વધુ આદિજાતિ વિદ્યાર્થીઓને રહેવા-જમવા સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે ₹ ૮૯૦ કરોડની જોગવાઈ.
- આદિજાતિ ખેડૂતોને મિની ટ્રેક્ટર, રોટાવેટર અને થ્રેશર જેવા આધુનિક કૃષિ યંત્રો આપવા માટે ₹ ૨૯ કરોડની જોગવાઈ.
- સિંચાઈની સુવિધા વધારવા માટે સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ સાથે લિફ્ટ ઈરિગેશન યોજનાથી અંદાજે ૧૨ હજાર આદિજાતિ ખેડૂતોને લાભ આપવા માટે ₹ ૭૫ કરોડની જોગવાઈ.

તારીખ: ૯ ઓગસ્ટ ૨૦૨૩, બુધવાર • સમય: સવારે ૧૦:૦૦ વાગે • સ્થળ: સુગર ફેક્ટરી ગ્રાઉન્ડ, ગુણસદા, તા. સોનગઢ, જિ. તાપી

